॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा ॥ ॥ स्वामीबापा ॥

# સંસ્કારદીપિકા

## ભાગ-૪


: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન

શ્રીજીસંકલ્પમૂર્તિ આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર

૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપા

સુવર્ણજયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ

મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮

શ્રી મુક્તજીવન સ્વામીબાપા શતાબ્દી મહોત્સવના ઉપક્રમે

સંવત ૨૦૫૯ અષાઢ સુદ પૂર્ણિમા

## અનુક્રમણિકા

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ખાલી જગ્યાઓ | ૩ |
| ૨ | પ્રશ્નોત્તરી | ૧૦ |
| ૩ | સાચાં ખોટાં વાક્યો | ૧૮ |
| ૪ | પૂર્વાપર સંબંધ | ૨૩ |
| ૫ | જોડકાં | ૩૨ |
| ૬ | ટૂંકનોંધ | ૩૫ |
| ૭ | નમૂનાનું પ્રશ્નપત્ર | ૬૦ |


**: ટાઈપ સેટીંગ :**
**મુક્ત ગ્રાફીક્સ, શ્રી સ્વામિનારાયણ મંદિર,**
**મણિનગર, અમદાવાદ - ૮**

**: મુદ્રક :**
**પટેલ પ્રિન્ટીંગ પ્રેસ પ્રા. લિ.,**
**રાયપુર દરવાજા પાસે, અમદાવાદ - ૧**


॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा ॥ ॥ स्वामीबापा ॥

# સંસ્કાર દીપિકા

## ભાગ - ૪

## અભ્યાસક્રમ

***આ પુસ્તિકામાંથી ૭૦ ગુણ***
***અમૃતબિંદુ ભાગ-૨માંથી ૨૦ ગુણ***
***શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા (દશ પદ)માંથી ૧૦ ગુણ***

## ખાલી જગ્યાઓ

- ❖ શ્રી સ્વામિનારાયણ ગાદી એટલે કારણ સત્સંગ.
- ❖ શ્રી સ્વામિનારાયણ ગાદીનો મહિમા અપરંપાર છે, અનંત છે, અનિર્વચનીય છે.
- ❖ ગાદીઓ તો ઘણી છે, પરંતુ શ્રી સ્વામિનારાયણ ગાદી સર્વોપરી અને મૂળ ગાદી છે.
- ❖ વ્યવહારિક હેતુથી સ્થપાયેલી ગાદીથી વ્યવહારિક હેતુ પ્રાપ્ત થાય.
- ❖ શ્રી સ્વામિનારાયણ ભગવાને સમગ્ર સંપ્રદાયની સોંપણી સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને કરી આત્યંતિક મોક્ષ ની કૂંચી આપી.
- ❖ કળિયુગમાં સર્વોપરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ અને પ્રત્યક્ષ છે.
- ❖ બાળશર્મા ઈટારપુર ગામના વતની હતા.

❖ બાળશર્માની પત્નીનું નામ ભાગ્યવતી દેવી હતું.
❖ કૃષ્ણશર્મા છપૈયા ગામના વતની હતા.
❖ કૃષ્ણશર્માની પત્નીનું નામ ભવાની દેવી હતું.
❖ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાને પ્રાપ્ત કરી હોવાથી ધર્મદેવ જે તે હરિપ્રસાદ નામે ઓળખાવા લાગ્યા.
❖ ધર્મદેવનાં પત્ની બાળા પ્રેમલક્ષણા ભક્તિમાં તન્મય બની ભગવાનનાં દર્શનને પામ્યાં તેથી તેઓ ભક્તિ નામે ઓળખાવા લાગ્યાં.
❖ શ્રીહરિના પ્રાગટ્ય સમયે આકાશમાં દુંદુભિ ના નાદ થવા લાગ્યા.
❖ શ્રી ઘનશ્યામ પ્રભુ સવા ત્રણ માસના થયા ત્યારે નામકરણવિધિ કરવામાં આવ્યો.
❖ શ્રી ઘનશ્યામ પ્રભુને ત્રીજું વર્ષ બેઠું ત્યારે માતાપિતાએ ચૌલ સંસ્કાર કરાવ્યો.
❖ વૃક્ષ નીચે બેઠેલા શ્રી ઘનશ્યામ પ્રભુનું પ્રથમ દર્શન સુંદરીમામી ને થયું.
❖ શ્રી ઘનશ્યામ પ્રભુ અયોધ્યામાં સરયૂ નદીમાં સ્નાન કરવા જતા.
❖ શ્રી ઘનશ્યામ પ્રભુએ વિદ્વત્સભામાં ગીર્વાણ ભાષામાં અસ્ખલિત વાણીનો પ્રવાહ છોડ્યો.
❖ શ્રી ઘનશ્યામ પ્રભુએ ચાર ગાઉની પહોળા પટની નદીમાં શરીર તણાતું મૂક્યું.
❖ નીલકંઠ વર્ણીએ ગોપાળયોગી પાસે યોગ શીખવાની લીલા દેખાડી.
❖ નીલકંઠ વર્ણી સીરપુર નગર પધાર્યા ત્યારે ત્યાં સિદ્ધવલ્લભ નામનો રાજા રાજ્ય કરતો હતો.



❖ નીલકંઠ વર્ણી જગન્નાથપુરી પધાર્યા ત્યારે ત્યાં બાવાના વેશધારી હજારો અસુરોની જમાતો રહેતી હતી.
❖ નીલકંઠ વર્ણી માનસપુર નગર પધાર્યા ત્યારે ત્યાં સત્રધર્મા નામનો રાજા રાજ્ય કરતો હતો.
❖ ગુજરાતની ધરતીને પાવન કરતા નીલકંઠ વર્ણી સૌરાષ્ટ્રમાં લોજ ની વાવ પર પધાર્યા.
❖ શ્રી સહજાનંદ સ્વામી સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી સાથે વિચર્યા અને યોગૈશ્વર્ય દેખાડ્યા.
❖ શ્રી રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્ર માં શ્રી રામાનુજાચાર્ય થકી મહાદીક્ષા પામ્યા હતા.
❖ ષડક્ષરી મંત્ર મહાસમર્થ, તેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ.
❖ ષડક્ષરો છે ષટશાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર.
❖ શ્રી સ્વામિનારાયણ ભગવાને અભયખાચર જેવા કેટલાયને પોતાની મૂર્તિમાંથી ચોવીસ અવતાર દેખાડ્યા.
❖ શ્રી સ્વામિનારાયણ ભગવાને સમાજમાં ચાલતા કુરિવાજો માંથી મુક્ત કરી મનુષ્યોને ધર્મપરાયણ જીવન જીવતા કર્યા.
❖ ગુરુકૃપા થી શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે શ્રી મુક્તાનંદ સ્વામીને ભગવાનપણાનો નિશ્ચય થયો.
❖ લાખો જનોનાં મન વશ્ય આણે, એ તો કળા ઈશ્વર એક જાણે.
❖ સયાજીરાવ મંદિર બંધાવવા સખાવત આપતા.
❖ સગુણ અને નિર્ગુણ એ તો શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં કોઈક અલૌકિક ઐશ્વર્ય છે.
❖ ભગવાનની સાકર ઉપાસના સિવાય આત્મા કે બ્રહ્મ દેખાય જ નહિ.

- ''પ્રતિમા લાંબા કાળે કલ્યાણ કરે છે'' એ ઉરુકાળ વાચક કલમ શ્રી સ્વામિનારાયણ ભગવાને બાદ કરી છે.
- શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વ કર્તા હર્તા જાણવા એટલી જ વાતમાં કલ્યાણ છે.
- ભગવાનને પ્રસન્ન કરવાનાં ઘણાં સાધનો છે તેમાં પ્રેમલક્ષણા ભક્તિ તે શ્રેષ્ઠ સાધન છે.
- પ્રભુ સાથે પ્રગટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ.
- શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમર્થ સંતોમાં સર્વોપરી સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા હતા.
- એક હરિજન પર્વતભાઈ, આચરજકારી છે. સદા રહે મૂર્તિમાંહી, આચરજકારી છે.
- સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ છ માસ સુધી અગત્રાઈના સીમાડામાં કાળને પેસવા દીધો નહીં.
- શ્રી સ્વામિનારાયણ ભગવાન અને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા એમ બે સ્વરૂપ દેખાય છે પણ છે તો એક.
- શ્રીજી પ્રભુ ને ગોપાળમુનિ માં, કાંઈ જુદાઈ નથી.
- શ્રી સ્વામિનારાયણ ભગવાન અંતર્ધાન થયા ત્યાર પછી પ્રથમ મુળી માં મંદિર તૈયાર થયું.
- 'બ્રહ્મમુનિ, તમોએ તો ગગનચુંબી મંદિર બંધાવ્યું છે.'
- શ્રી રઘુવીરજી મહારાજે ધોલેરા મંદિરમાં મૂર્તિઓ પધરાવવા માટે પધારવા સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી સાથે ગઢપુરમાં નક્કી કર્યું.
- શ્રી ગોપાળાનંદ સ્વામી મૂર્તિ પધરાવે એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને જ મૂર્તિ પધરાવી એમ કહેવાય.



- શ્રીજીમહારાજે સારાયે સંપ્રદાયને સાચવવાની ભલામણ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી ને કરી હતી.
- સદ્‌ગુરુ શ્રી સર્વનિવાસાનંદ સ્વામી અમદાવાદ મંદિરની મહંતાઈનો ત્યાગ કરી સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા જીવત પર્યંત તેઓશ્રીની પાસે રહ્યા.
- શામળિયા ચૈતન્યાનંદ સ્વામી કહેતા કે, 'જો સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ન થયો હોત તો સત્સંગની સમજણ પરિપક્વ થયા વિના કાચા ને કાચા જ મરી જાત.'
- સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, 'હે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, તમારે દ્વારે તો શ્રીજીમહારાજનું સુખ આવે છે.'
- સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાના આસન જોડે શ્રી પરમાનંદ સ્વામી નું આસન હતું.
- ખખડધજ આંબલીના પોલાણમાંથી ફણીધર સુસવાટા મારતો બહાર આવ્યો.
- બાપાશ્રી સખાઓને લઈને કૃષ્ણ તલાવડીમાં નાવા જતા.
- બાપાશ્રીને બાલ્યકાળમાં જ અગિયારસો ચોસર કીર્તનો કંઠસ્થ હતા.
- જેતલપુરમાં નંદપદવીના છેલ્લા સંત સદ્‌ગુરુ શ્રી ધ્રુવાનંદ સ્વામી ને શ્રીજીમહારાજ તેડવા આવ્યા.
- ગોપાળલાલભાઈ ઠાસરા ગામના વતની હતા.
- સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાના આશીર્વાદથી ગોપાળલાલભાઈને સૂબાગીરી મળી.
- કેટલાક દેવની મિલ્કતને પોતાની અંગત ઠરાવવા લાગ્યા ત્યારે બાપાશ્રીએ સત્સંગ મહાસભાની સ્થાપના કરી.

- ❖ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીની ચોથી પેઢીએ સત્સંગમાં ક્રાંતિ આવશે.
- ❖ મોક્ષ તો કારણ સત્સંગમાં જ છે. બીજે તો બધે રોગી વાની ઊડે છે.
- ❖ મૂળજીભાઈ મહીજ ગામમાં સરકારી તલાટી હતા.
- ❖ પુરુષોત્તમભાઈ વેપાર અર્થે મુંબઈ પધાર્યા.
- ❖ આવે છે એક એવા યુગપુરુષ કે જેમના દ્વારા કારણ સત્સંગ નવીનરૂપ ધારણ કરશે.
- ❖ સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ વચનામૃત પર રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા રચવામાં સમસ્ત જીવન વીતાવ્યું હતું.
- ❖ જીવનપ્રાણ સ્વામીબાપાએ સતત બે દિવસ સુધી શાસ્ત્રાર્થ માં પ્રતિસ્પર્ધીઓને હંફાવ્યા.
- ❖ સ્વામી ! આપનું વચન મારે બ્રહ્મવાક્ય, આપ જે આજ્ઞા કરશો તે પ્રમાણે જ કરીશ.
- ❖ ધન્ય છે, ધન્ય છે તને. મારે તારા જેવા જ શિષ્ય ની જરૂર છે.
- ❖ સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ મનુષ્યલીલા સંકેલી લીધી તેથી સ્વામીબાપા એ દૂધનો ત્યાગ કર્યો.
- ❖ લાભ પાંચમની રાત્રીએ જીવનપ્રાણ સ્વામીબાપાને કડી મંદિરમાં સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ દિવ્ય દર્શનદાન આપ્યું.
- ❖ સ્વાર્થી પેટભરા તકવાદી પાસેથી મોક્ષની ઈચ્છા રાખી શકાય નહિ.
- ❖ અમને સ્વામીબાપાએ જીવતદાન આપ્યું છે, માટે તેઓ અમારા જીવનપ્રાણ છે.



- ❖ સ્વામીબાપા જ જીવનપ્રાણ બાપાશ્રીના સાચા વારસદાર છે.
- ❖ મણિનગરમાં પ્રથમ બંગલા ઘાટનું મંદિર હતું.
- ❖ 'બેસજો, બેસજો, તમે તો મને ખૂબ વહાલા છો.'
- ❖ સ્વામીબાપાએ યુવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરાવી સત્સંગ પ્રચારનું નવું સોપાન શરૂ કર્યું.
- ❖ અખિલ ભારત સાધુ સમાજના મહાસંમેલનમાં સ્વામીબાપાની સ્વાગતાધ્યક્ષ તરીકે વરણી થઈ.
- ❖ અખિલ ભારત સાધુ સમાજના મહાસંમેલનના ઉદ્ઘાટન માટે ભારતના રાષ્ટ્રપતિ ડૉ. શ્રી રાજેન્દ્રપ્રસાદ બાબુ પધાર્યા હતા.
- ❖ જીવનપ્રાણ સ્વામીબાપાએ ભારત સાધુ સમાજ ગુજરાત શાખાના પ્રમુખ પદે નિયુક્ત થઈ સમાજમાં નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ આણી.
- ❖ ધ્યાનનો જે આનંદ છે તે અનુભવ થાય ત્યારે જ સમજાય.
- ❖ જે મુમુક્ષુજનો શ્રી સ્વામિનારાયણ ગાદીના આશ્રિત છે અને જે થશે તે સર્વેનો આત્યંતિક મોક્ષ થશે.
- ❖ કાશીના વિદ્વાનો એ સ્વામીબાપાનું બહુમાન કર્યું.
- ❖ કાશીના વિદ્વાનોએ સ્વામીબાપાને 'વેદશાસ્ત્રસંરક્ષક' અને 'વિશ્વધર્મચૂડામણિ' એવી બે પદવીઓ અર્પણ કરી.
- ❖ કાશીમાં વિદ્વાનોની સભામાં સ્વામીબાપાએ સામવેદ પર સંસ્કૃતમાં પ્રવચન કર્યું.
- ❖ કાશી બનારસમાં સ્વામીબાપાની નગરયાત્રા ગજરાજ પર નીકળી હતી.

# પ્રશ્નોત્તરી

પ્ર. શ્રી સ્વામિનારાયણ ગાદીએ શું અનુભવ થાય છે ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ગાદીએ શ્રી સ્વામિનારાયણ ભગવાન સદાય પ્રગટ અને પ્રત્યક્ષ છે તેવો અનુભવ થાય છે.

પ્ર. સત્યાદિ યુગની પ્રજાઓ કળિયુગમાં જન્મ ધરવાને શા માટે ઈચ્છે છે ?

ઉ. કળિયુગમાં પ્રગટ થનાર સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના સત્પુરુષોના દર્શનને માટે સત્યાદિ યુગની પ્રજાઓ કળિયુગમાં જન્મ ધરવાને ઈચ્છે છે.

પ્ર. બાળશર્મા કઈ જ્ઞાતિના બ્રાહ્મણ હતા ?

ઉ. બાળશર્મા સરવરિયા જ્ઞાતિના સામવેદી બ્રાહ્મણ હતા.

પ્ર. શ્રી ઘનશ્યામ પ્રભુના હસ્તમાં પદ્મનું ચિહ્ન જોઈ માર્કંડેય મુનિએ શું ભવિષ્યવાણી ઉચ્ચારી ?

ઉ. શ્રી ઘનશ્યામ પ્રભુના હસ્તમાં પદ્મનું ચિહ્ન જોઈ માર્કંડેય મુનિએ ભવિષ્યવાણી ઉચ્ચારી કે, 'આ તમારા પુત્ર લક્ષાવધિ મનુષ્યના નિયંતા થશે અને અનંત કલ્યાણકારી ગુણે યુક્ત થશે.'

પ્ર. શ્રીહરિ 'નીલકંઠ' નામથી પ્રસિદ્ધ થયા, શા માટે ?

ઉ. શિવજીમાં રહેલા ત્યાગ, જ્ઞાન, તપ, ધર્મ અને યોગ આ પાંચ ગુણોને શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં બતાવ્યા તેથી તેઓ 'નીલકંઠ' નામથી પ્રસિદ્ધ થયા.

પ્ર. કાળીદત્ત કેવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુ અને બાળ સખાઓ સાથે રમવા લાગ્યો ?

ઉ. કાળીદત્ત તંત્રવિદ્યાથી બાળકના જેવું રૂપ લઈ શ્રી ઘનશ્યામ પ્રભુ અને બાળ સખાઓ સાથે રમવા લાગ્યો.



પ્ર. શ્રી ઘનશ્યામ પ્રભુએ ધર્મદેવની બીજી બાર પત્નીઓની અભિલાષા કેવી રીતે પૂર્ણ કરી ?

ઉ. શ્રી ઘનશ્યામ પ્રભુએ બાર સ્વરૂપ ધારણ કરી ધર્મદેવની બીજી બાર પત્નીઓની અભિલાષા પૂર્ણ કરી.

પ્ર. નારાયણ સરોવર તરીને પાર કરી જવાની શરત કોના વચ્ચે થઈ ?

ઉ. બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ પ્રભુ અને સખા વેણીરામ એ બન્ને વચ્ચે નારાયણ સરોવર તરીને પાર કરી જવાની શરત થઈ.

પ્ર. શ્રી રામપ્રતાપભાઈને શ્રી ઘનશ્યામ પ્રભુનાં વારંવાર કેવાં દર્શન થતાં ?

ઉ. શ્રી રામપ્રતાપભાઈને શ્રી ઘનશ્યામ પ્રભુનાં વારંવાર અનેક સ્વરૂપે દર્શન થતાં.

પ્ર. શ્રી ઘનશ્યામ પ્રભુએ કયા વર્ષે વેદાભ્યાસ શરૂ કર્યો ?

ઉ. શ્રી ઘનશ્યામ પ્રભુએ આઠમા વર્ષે વેદાભ્યાસ શરૂ કર્યો.

પ્ર. શ્રી ઘનશ્યામ પ્રભુએ પોતાના માતાપિતાને કયા વર્ષે દિવ્ય ગતિ આપી ?

ઉ. શ્રી ઘનશ્યામ પ્રભુએ પોતાના માતાપિતાને અગિયારમા વર્ષે દિવ્ય ગતિ આપી.

પ્ર. તપસ્વીઓને તપની રીત શીખવવા નીલકંઠ વર્ણીએ શું કર્યું ?

ઉ. તપસ્વીઓને તપની રીત શીખવવા નીલકંઠ વર્ણીએ સ્વયં કઠોર તપ કર્યું.

પ્ર. શ્રી નીલકંઠ વર્ણી વનવિચરણ કરતાં, નવલખા પર્વત પર શા માટે પધાર્યા ?

ઉ. શ્રી નીલકંઠ વર્ણી વનવિચરણ કરતાં, નવલખા પર્વત પર તપ કરતા નવ લાખ ઋષિઓને તપ અને યોગનું ફળ આપવા પધાર્યા.

પ્ર. સીરપુરમાં હજારો દાંભિક સિદ્ધોનો દંભ ઉતારવા શ્રી નીલકંઠ વર્ણીએ શું કર્યું ?

ઉ. સીરપુરમાં હજારો દાંભિક સિદ્ધોનો દંભ ઉતારવા શ્રી નીલકંઠ વર્ણીએ મૂશળધાર વૃષ્ટિ કરી.

પ્ર. લોજની વાવ ઉપર નીલકંઠ વર્ણીનો પ્રથમ મેળાપ કયા સંત સાથે થયો ?

ઉ. લોજની વાવ ઉપર નીલકંઠ વર્ણીનો પ્રથમ મેળાપ સુખાનંદ સ્વામી સાથે થયો.

પ્ર. શ્રી નીલકંઠ વર્ણીએ શ્રી મુક્તાનંદ સ્વામીને કોનાં સ્વરૂપ પૂછ્યાં ?

ઉ. શ્રી નીલકંઠ વર્ણીએ શ્રી મુક્તાનંદ સ્વામીને જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપ પૂછ્યાં.

પ્ર. શ્રી રામાનંદ સ્વામીના દીક્ષાગુરુ કોણ હતા ?

ઉ. શ્રી રામાનંદ સ્વામીના દીક્ષાગુરુ શ્રી રામાનુજાચાર્ય હતા.

પ્ર. શ્રી રામાનંદ સ્વામીએ ધર્મદેવને કયા ક્ષેત્રમાં દીક્ષા આપી હતી ?

ઉ. શ્રી રામાનંદ સ્વામીએ ધર્મદેવને પ્રયાગક્ષેત્રમાં દીક્ષા આપી હતી.

પ્ર. શ્રી રામાનંદ સ્વામી જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં તેમણે શું જાહેર કર્યું ?

ઉ. શ્રી રામાનંદ સ્વામી જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં તેમણે જાહેર કર્યું કે, 'હું તો ડુગડુગી વગાડું છું અને મુમુક્ષુને જગાડું છું. વેશને ભજવનાર તો વાંસે આવે છે.'

પ્ર. શ્રી સહજાનંદ સ્વામીએ સંતો-ભક્તોને ભજન માટે કયો મંત્ર આપ્યો ?

ઉ. શ્રી સહજાનંદ સ્વામીએ સંતો-ભક્તોને ભજન માટે પોતાનો સર્વોપરી 'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો.



પ્ર. 'સ્વામિનારાયણ' મહામંત્રના ઉચ્ચારણથી મુમુક્ષુઓને શું અનુભવ થવા લાગ્યો ?

ઉ. 'સ્વામિનારાયણ' મહામંત્રના ઉચ્ચારણથી મુમુક્ષુઓને સમાધિ થવા લાગી.

પ્ર. શ્રી વ્યાપકાનંદ સ્વામી સમાધિ કરી કયા ધામમાં ગયા ?

ઉ. શ્રી વ્યાપકાનંદ સ્વામી સમાધિ કરી ભૂમાપુરુષના ધામમાં ગયા.

પ્ર. શ્રી સ્વરૂપાનંદ સ્વામીએ ધર્મરાજાને કયું સ્થાન આપ્યું ?

ઉ. શ્રી સ્વરૂપાનંદ સ્વામીએ ધર્મરાજાને ભૂમાપુરુષનું સ્થાન આપ્યું.

પ્ર. 'જય સદ્‌ગુરુ સ્વામી' આરતીના રચયિતા કોણ છે ?

ઉ. 'જય સદ્‌ગુરુ સ્વામી' આરતીના રચયિતા સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી છે.

પ્ર. જોબન લૂંટારો કયા ગામનો વતની હતો ?

ઉ. જોબન લૂંટારો વડતાલ ગામનો વતની હતો.

પ્ર. બાળ ખુશાલ ભટ્ટ સાથે કોણ રમવા આવતું ?

ઉ. બાળ ખુશાલ ભટ્ટ સાથે શામળાજીના મંદિરમાંથી શામળાજી ભગવાન પોતે રમવા આવતા.

પ્ર. ખુશાલ ભટ્ટે બળતા ઘરમાંથી નાના બાળકને કેવી રીતે બચાવ્યો ?

ઉ. ખુશાલ ભટ્ટે બળતા ઘરમાંથી નાના બાળકને પોતે જ્યાં પાઠશાળામાં બેઠા હતા ત્યાંથી લાંબો હાથ કરી ઉપાડી લઈને બચાવ્યો.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ખુશાલ ભટ્ટનો પ્રથમ મેળાપ કયા ગામમાં થયો ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ખુશાલ ભટ્ટનો પ્રથમ મેળાપ જેતલપુર ગામમાં થયો.

**પ્ર.** ખુશાલ ભટ્ટે કોની પાસેથી મહાદીક્ષા ગ્રહણ કરી ?

**ઉ.** ખુશાલ ભટ્ટે શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસેથી મહાદીક્ષા ગ્રહણ કરી.

**પ્ર.** અક્ષરધામમાં મુક્તો સાથે સંકેતમાં ભગવાને પૃથ્વી પર કેટલાં વર્ષ મનુષ્યરૂપે દર્શન દેવાનો સંકલ્પ કર્યો હતો ?

**ઉ.** અક્ષરધામમાં મુક્તો સાથે સંકેતમાં ભગવાને પૃથ્વી પર ૧૨૫ વર્ષ મનુષ્યરૂપે દર્શન દેવાનો સંકલ્પ કર્યો હતો.

**પ્ર.** ભક્તરાજ પર્વતભાઈ કયા ગામના વતની હતા ?

**ઉ.** ભક્તરાજ પર્વતભાઈ અગત્રાઈ ગામના વતની હતા.

**પ્ર.** શ્રી ઘનશ્યામ મહારાજે સુવાસિની ભાભીને શું વચન આપ્યું હતું ?

**ઉ.** શ્રી ઘનશ્યામ મહારાજે સુવાસિની ભાભીને વચન આપ્યું હતું કે, 'જ્યારે હું રાજાધિરાજપણે બિરાજીશ ત્યારે તમને ભૂલીશ નહિ.'

**પ્ર.** મૂળી મંદિરમાં કોના વરદ હસ્તે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી ?

**ઉ.** મૂળી મંદિરમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના વરદ હસ્તે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી.

**પ્ર.** મંદવાડમાં પિતાશ્રીને બાપાશ્રીએ શું જમાડ્યું ?

**ઉ.** મંદવાડમાં પિતાશ્રીને બાપાશ્રીએ દિવ્ય ખજૂર જમાડી.

**પ્ર.** શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર ૧૨૫ વર્ષ મનુષ્યરૂપે દર્શનદાન દેવાના સંકલ્પને કેવી રીતે પૂર્ણ કર્યો ?

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર ૧૨૫ વર્ષ મનુષ્યરૂપે દર્શનદાન દેવાના સંકલ્પને બાપાશ્રીરૂપે પુનઃ પધારીને પૂર્ણ કર્યો.

**પ્ર.** નંદપદવીના છેલ્લા સંત કોણ હતા ?



**ઉ.** નંદપદવીના છેલ્લા સંત શ્રી ધ્રુવાનંદ સ્વામી હતા.

**પ્ર.** દીવાન કુંવરજીભાઈ કયા ગામના વતની હતા ?

**ઉ.** દીવાન કુંવરજીભાઈ કચ્છ-રોહા ગામના વતની હતા.

**પ્ર.** કુંવરજીભાઈએ વચનામૃતના વાચનથી શું અનુભવ્યું ?

**ઉ.** કુંવરજીભાઈએ વચનામૃતના વાચનથી અનુભવ્યું કે, 'આ શાસ્ત્રમાં ઘણું જ ઉત્તમ જ્ઞાન છે અને બીજા સર્વ શાસ્ત્ર કરતાં આ શાસ્ત્ર શ્રેષ્ઠ છે.'

**પ્ર.** મીઠા ભક્તને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરિ મહિમા કોણે સમજાવ્યો ?

**ઉ.** મીઠા ભક્તને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરિ મહિમા સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ સમજાવ્યો.

**પ્ર.** વચનામૃતના આચાર્ય તરીકે કોણ પ્રસિદ્ધ થયા ?

**ઉ.** વચનામૃતના આચાર્ય તરીકે સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા પ્રસિદ્ધ થયા.

**પ્ર.** સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા અને શ્રી પુરુષોત્તમભાઈનું પ્રથમ મિલન ક્યાં થયું ?

**ઉ.** સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા અને શ્રી પુરુષોત્તમભાઈનું પ્રથમ મિલન સરસપુર-મંદિરમાં થયું.

**પ્ર.** સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ કયા માસમાં અંતર્ધાન લીલા કરી ?

**ઉ.** સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ આસો માસમાં અંતર્ધાન લીલા કરી.

**પ્ર.** ન્યાયાલયમાં કડી મંદિરના કબજા માટે દાદ માંગતાં શો ન્યાય આવ્યો ?

ઉ. ન્યાયાલયમાં કડી મંદિરના કબજા માટે દાદ માંગતાં ન્યાય આવ્યો કે, 'જે તે ગામના મંદિરો જે તે ગામના હરિભક્તોની માલિકીના છે.'

પ્ર. સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાની પુણ્યસ્મૃતિમાં જીવનપ્રાણ સ્વામીબાપાએ શાની શરૂઆત કરી ?

ઉ. સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાની પુણ્યસ્મૃતિમાં જીવનપ્રાણ સ્વામીબાપાએ મણિનગરમાં 'શ્રી ઈશ્વરસદ્‌વિદ્યાશ્રમ - શ્રી સ્વામિનારાયણ છાત્રાલય' ની શરૂઆત કરી.

પ્ર. 'આ રે સંદેશો મારા ગુરુજી રે સુણજો' એ કાવ્ય કયા પ્રસંગે રચાયું ?

ઉ. 'આ રે સંદેશો મારા ગુરુજી રે સુણજો' એ કાવ્ય મણિનગર મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે રચાયું.

પ્ર. 'પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું' એ પ્રાર્થનાના રચયિતા કોણ છે ?

ઉ. 'પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું' એ પ્રાર્થનાના રચયિતા જીવનપ્રાણ સ્વામીબાપા છે.

પ્ર. શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળની સ્થાપના કોણે કરી ?

ઉ. શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળની સ્થાપના જીવનપ્રાણ સ્વામીબાપાએ કરી.

પ્ર. જીવનપ્રાણ સ્વામીબાપાની સુવર્ણ તુલાના દાનમાંથી સમાજોપયોગી કઈ સંસ્થાનો આવિર્ભાવ થયો.

ઉ. જીવનપ્રાણ સ્વામીબાપાની સુવર્ણ તુલાના દાનમાંથી સમાજોપયોગી 'શ્રી સ્વામિનારાયણ કૉલેજ'નો આવિર્ભાવ થયો.

પ્ર. ધ્યાન પૂર્વે શ્રી ઘનશ્યામ પ્રભુએ સ્વામીબાપાને શું આદેશ આપ્યો ?



ઉ. ધ્યાન પૂર્વે શ્રી ઘનશ્યામ પ્રભુએ સ્વામીબાપાને આદેશ આપ્યો કે, 'ધ્યેય આદર્શને પામવા મૌન તપ એકાંતને સેવો, ઓરડામાં જ રહો, અન્ય આદેશ મળે જ બહાર આવો, અમલ કરો.'

પ્ર. 'ઊર્ધ્વં તથાડધો' આ સ્તોત્રના રચયિતા કોણ છે ?

ઉ. 'ઊર્ધ્વં તથાડધો' આ સ્તોત્રના રચયિતા જીવનપ્રાણ સ્વામીબાપા છે.

પ્ર. ઉત્તર ભારતની મોક્ષદાયી યાત્રાનો સંઘ કોના પ્રમુખપદે નીકળ્યો હતો ?

ઉ. ઉત્તર ભારતની મોક્ષદાયી યાત્રાનો સંઘ જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાના પ્રમુખપદે નીકળ્યો હતો.

પ્ર. વર્તમાન સમયે આત્યંતિક મોક્ષની કૂંચી ક્યાં છે ?

ઉ. વર્તમાન સમયે આત્યંતિક મોક્ષની કૂંચી શ્રી સ્વામિનારાયણ ગાદીએ છે.

પ્ર. મુમુક્ષુને આશ્રય કરવા યોગ્ય કઈ ગાદી છે ?

ઉ. મુમુક્ષુને આશ્રય કરવા યોગ્ય 'શ્રી સ્વામિનારાયણ ગાદી' છે.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથની વાણી એ કઈ વાણી છે ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથની વાણી એ ગુરુપરંપરાની આમુખ વાણી છે.

## સાચાં ખોટાં વાક્યો

❖ માર્કંડેય મુનિએ હરિપ્રસાદનો નામકરણવિધિ કર્યો. (✘)
માર્કંડેય મુનિએ બાળ ઘનશ્યામ પ્રભુનો નામકરણવિધિ કર્યો. (✔)

❖ લોજ ગામમાં વાત પ્રસરી ગઈ કે 'વાવ પર મોટા ચક્રવર્તી રાજા આવ્યા છે.' (✘)
લોજ ગામમાં વાત પ્રસરી ગઈ કે 'વાવ પર મોટા તપસ્વી આવ્યા છે.' (✔)

❖ નીલકંઠ વર્ણીએ સુખાનંદ સ્વામીને જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ સંબંધી પ્રશ્નો પૂછ્યા. (✘)
નીલકંઠ વર્ણીએ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીને જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ સંબંધી પ્રશ્નો પૂછ્યા. (✔)

❖ નીલકંઠ વર્ણીના કહેવાથી સદ્‌ગુરુ શ્રી મક્તાનંદ સ્વામીએ દિવાલનો ગોખલો (બાકોરું) પૂરાવી દીધો. (✔)

❖ શ્રી નીલકંઠ વર્ણીએ અયોધ્યા સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીને પત્ર લખ્યો. (✘)
શ્રી નીલકંઠ વર્ણીએ ભુજ સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીને પત્ર લખ્યો. (✔)

❖ શ્રી રામાનંદ સ્વામી અને શ્રી નીલકંઠ વર્ણીનું પ્રથમ મિલન લોજ મુકામે થયું. (✘)
શ્રી રામાનંદ સ્વામી અને શ્રી નીલકંઠ વર્ણીનું પ્રથમ મિલન પીપલાણા મુકામે થયું. (✔)

❖ શ્રી રામાનંદ સ્વામીએ શ્રી નીલકંઠ વર્ણીનાં 'શ્રી સહજાનંદ સ્વામી' તથા 'શ્રી સ્વામિનારાયણ' એમ બે નામ પાડ્યાં. (✘)



શ્રી રામાનંદ સ્વામીએ શ્રી નીલકંઠ વર્ણીનાં 'શ્રી સહજાનંદ સ્વામી' તથા 'શ્રી નારાયણ મુનિ' એમ બે નામ પાડ્યાં. (✔)

❖ શ્રી સહજાનંદ સ્વામીનો પટ્ટાભિષેક જેતલપુર ગામમાં કરવામાં આવ્યો. (✘)
શ્રી સહજાનંદ સ્વામીનો પટ્ટાભિષેક જેતપુર ગામમાં કરવામાં આવ્યો. (✔)

❖ સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ શ્રી મુક્તાનંદ સ્વામીને પોતાની ધર્મધુરા સુપ્રત કરી. (✘)
સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીને પોતાની ધર્મધુરા સુપ્રત કરી. (✔)

❖ મહાપુરુષોનો દેહત્યાગ જોઈને આસુરી જીવો મોહ પામે છે. (✔)

❖ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતદાસજીને મંડળધારી કરી અગત્રાઈ મોકલ્યા. (✘)
શ્રી સ્વામિનારાયણ ભગવાને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને મંડળધારી કરી અગત્રાઈ મોકલ્યા.(✔)

❖ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ નેમિવિજયજીને ઐશ્વર્ય બતાવ્યું. (✘)
સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ નેમિવિજયજીને ઐશ્વર્ય બતાવ્યું. (✔)

❖ મૂળી મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો નિર્ણય કરવા શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા શ્રી રઘુવીરજી મહારાજ ભેગા થયા. (✘)
મૂળી મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો નિર્ણય કરવા શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ભેગા થયા. (✔)

❖ શ્રી સર્વનિવાસાનંદ સ્વામી મૂળી મંદિરના મહંત હતા. (✘)

શ્રી સર્વનિવાસાનંદ સ્વામી અમદાવાદ મંદિરના મહંત હતા. (✔)

❖ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા મોટે ભાગે વડતાલ મંદિરમાં રહેતા. (✖)
સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા મોટે ભાગે અમદાવાદ મંદિરમાં રહેતા. (✔)

❖ દોલતસંગ વડતાલ ગામનો ઠાકોર હતો. (✖)
દોલતસંગ લવાડ ગામનો ઠાકોર હતો. (✔)

❖ શ્રી મુક્તાનંદ સ્વામીના સંકલ્પબળે દોલતસંગ સત્સંગી થયો. (✖)
સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાના સંકલ્પબળે દોલતસંગ સત્સંગી થયો. (✔)

❖ શ્રી અબજીબાપાશ્રી કચ્છમાં ભુજ મુકામે પ્રગટ થયા. (✖)
શ્રી અબજીબાપાશ્રી કચ્છમાં વૃષપુર મુકામે પ્રગટ થયા. (✔)

❖ શ્રી અબજી બાપાશ્રીના માતુશ્રીનું નામ ઈચ્છાબા હતું. (✖)
શ્રી અબજી બાપાશ્રીના માતુશ્રીનું નામ દેવુબા હતું. (✔)

❖ શ્રી અબજી બાપાશ્રીને બાલ્યકાળમાં જ અગિયારસો ચોસઠ કીર્તનો કંઠસ્થ હતાં. (✖)
શ્રી અબજી બાપાશ્રીને બાલ્યકાળમાં જ અગિયારસો ચોસર કીર્તનો કંઠસ્થ હતાં. (✔)

❖ સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા ચૂડા ગામમાં પ્રગટ થયા. (✖)
સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા અસલાલી ગામમાં પ્રગટ થયા. (✔)

❖ કચ્છ રોહા ગામના રાજાના દીવાન કુંવરજીભાઈ જડીબુટ્ટીની શોધમાં હતા. (✖)



કચ્છ રોહા ગામના રાજાના દીવાન કુંવરજીભાઈ ભગવાનની શોધમાં હતા. (✔)

❖ દીવાન કુંવરજીભાઈના સંકલ્પો વૃષપુરની સીમમાં પ્રવેશતાં જ નાશ પામ્યા. (✔)

❖ શ્રી સ્વામિનારાયણ ભગવાન અમલદાર જેવા છે તે ખસતા ખસતા બધું લઈ લેશે. (✖)
શ્રી સ્વામિનારાયણ ભગવાન વાણિયા જેવા છે તે ખસતા ખસતા બધું લઈ લેશે. (✔)

❖ બાપાશ્રીએ કચ્છ-ભુજમાં મનુષ્યલીલા સંકેલી. (✖)
બાપાશ્રીએ વૃષપુરમાં મનુષ્યલીલા સંકેલી. (✔)

❖ સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાને ભાગવતનું જ્ઞાન જન્મસિદ્ધ હતું. (✖)
સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાને વચનામૃતનું જ્ઞાન જન્મસિદ્ધ હતું. (✔)

❖ જોઈ લે, તેઓ પણ તાકાત, યુવાન કેસરી સિંહની. (✔)

❖ કડી પ્રકરણમાં આચાર્યપક્ષે નાક અને નાણું બેય ખોયાં. (✔)

❖ ‘આજે તો શ્રીજી પ્રગટ ભગવાન’ એ કીર્તનના રચયિતા શ્રી મુક્તાનંદ સ્વામી છે. (✖)
‘આજે તો શ્રીજી પ્રગટ ભગવાન’ એ કીર્તનના રચયિતા શ્રી મુક્તજીવન સ્વામીબાપા છે. (✔)

❖ સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાની પુણ્ય સ્મૃતિમાં સત્સંગિજીવન ગ્રંથની પારાયણ કરવામાં આવી. (✖)
સદ્.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાની પુણ્ય સ્મૃતિમાં શ્રી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રંથની પારાયણ કરવામાં આવી. (✔)

❖ બાપાશ્રીનો શતાબ્દી મહોત્સવ ભુજમાં ઊજવાયો. (✖)

બાપાશ્રીનો શતાબ્દી મહોત્સવ વૃષપુરમાં છત્રી ઉપર ઊજવાયો.(✔)

❖ જીવનપ્રાણ સ્વામીબાપાનો સુવર્ણ જયંતી મહોત્સવ કડી મુકામે ઊજવાયો. (✖)
જીવનપ્રાણ સ્વામીબાપાનો સુવર્ણ જયંતી મહોત્સવ મણિનગર મુકામે ઊજવાયો. (✔)

❖ સ્વામીબાપાને સાઠ વર્ષ પૂરાં થયે સુવર્ણ જયંતી મહોત્સવ ઊજવાયો. (✖)
સ્વામીબાપાને સાઠ વર્ષ પૂરાં થયે ષષ્ટિપૂર્તિ પ્લેટિનમ તુલા મહોત્સવ ઊજવાયો. (✔)

❖ સ્વામીબાપાએ ૬૧ દિવસની ધ્યાન-તપશ્ચર્યા કડીમાં કરી. (✖)
સ્વામીબાપાએ ૬૧ દિવસની ધ્યાન-તપશ્ચર્યા મણિનગરમાં કરી. (✔)

❖ સ્વામીબાપાને ધ્યાન બહુ જ પ્રિય હતું. (✔)

❖ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આદેશથી સ્વામીબાપાએ શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્ત સ્વરૂપ આપ્યું. (✔)

❖ ગીતાની ઋચાઓના સ્વરે સહિત ઉચ્ચારણ સહ વિદ્વાનોએ સ્વામીબાપાનો અભિષેક વિધિ કર્યો. (✖)
વેદની ઋચાઓના સ્વરે સહિત ઉચ્ચારણ સહ વિદ્વાનોએ સ્વામીબાપાનો અભિષેક વિધિ કર્યો. (✔)

❖ આત્યંતિક મોક્ષની ચાવી શ્રી સ્વામિનારાયણ ગાદી એ છે. (✔)

❖ જે મુમુક્ષુઓ શ્રી સ્વામિનારાયણ ગાદીના આશ્રિત છે અને થશે તે સર્વેનો આત્યંતિક મોક્ષ થશે. (✔)

❖ મથુરા ગંગા નદીના કિનારે આવેલું સુપ્રસિદ્ધ તીર્થસ્થાન છે. (✖)
મથુરા જમુના નદીના કિનારે આવેલું સુપ્રસિદ્ધ તીર્થસ્થાન છે. (✔)



# પૂર્વાપર સંબંધ

પ્ર. 'આ બાળસ્વરૂપનો કર્ક રાશિને વિષે જન્મ છે. માટે તેમનું ''હરિ'' એવું નામ થશે.'

ઉ. કોણ બોલે છે :- માર્કંડેય મુનિ
કોને ઉદ્દેશી બોલે છે :- ધર્મદેવને
કયાં સ્થાનમાં બોલે છે :- છપૈયામાં
કયા પ્રસંગે બોલે છે :- નામકરણવિધિ પ્રસંગે.

પ્ર. 'આ અંગૂઠી લે અને મને ધરાઈને મીઠાઈ ખાવા દે.'

ઉ. કોણ બોલે છે :- શ્રી ઘનશ્યામ પ્રભુ
કોને ઉદ્દેશી બોલે છે :- કંદોઈને
કયાં સ્થાનમાં બોલે છે :- અયોધ્યામાં
કયા પ્રસંગે બોલે છે :- સુવાસિની ભાભીની અંગૂઠી લઈને મીઠાઈ ખાવા ગયા તે પ્રસંગે.

પ્ર. 'એમાં જીવ છે તે દુઃખાય માટે હું નહીં તોડું.'

ઉ. કોણ બોલે છે :- નીલકંઠ વર્ણી
કોને ઉદ્દેશી બોલે છે :- વૈરાગીને
કયાં સ્થાનમાં બોલે છે :- જગન્નાથપુરીમાં
કયા પ્રસંગે બોલે છે :- વૈરાગી નીલકંઠ વર્ણીને તાંદળજાની લીલી ભાજી તોડવા કહે છે તે પ્રસંગે.

પ્ર. 'આ ભીંતમાં છિદ્ર નથી પણ ધર્મમાં છિદ્ર છે.'

ઉ. કોણ બોલે છે :- નીલકંઠ વર્ણી
કોને ઉદ્દેશી બોલે છે :- સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીને

કયાં સ્થાનમાં બોલે છે :- લોજ ગામમાં
કયા પ્રસંગે બોલે છે :- નીલકંઠ વર્ણી વનવિચરણ કરતા લોજ ગામે પધાર્યા તે પ્રસંગે.

**પ્ર.** 'લોજ ન ગયા ને અહીં કેમ આવ્યા ?'
**ઉ.** કોણ બોલે છે :- સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી
કોને ઉદ્દેશી બોલે છે :- લાલજી ભક્તને
કયાં સ્થાનમાં બોલે છે :- ભુજ નગરમાં
કયા પ્રસંગે બોલે છે :- લાલજી ભક્ત નીલકંઠ વર્ણીનાં દર્શને ન જતા ભુજ શ્રી રામાનંદ સ્વામીના દર્શને આવ્યા તે પ્રસંગે.

**પ્ર.** 'હિન્દુ મેં યે ઊલ્ટી રીત કૈસી, ઓલિયા ઊંચે આસન પે ઔર ખુદા જમીન પે !'
**ઉ.** કોણ બોલે છે :- સિંધનો સોદાગર
કોને ઉદ્દેશી બોલે છે :- સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીને
કયાં સ્થાનમાં બોલે છે :- પીપલાણા ગામમાં
કયા પ્રસંગે બોલે છે :- સમાધિમાં ઊંચા આસન પર નીલકંઠ વર્ણીનું અલૌકિક દર્શન પામી જાગ્રત થયો તે પ્રસંગે.

**પ્ર.** 'હું તમારા પર ઘણો જ પ્રસન્ન છું. તમે મારી પાસે વર માગો.'
**ઉ.** કોણ બોલે છે :- સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી
કોને ઉદ્દેશી બોલે છે :- શ્રી સહજાનંદ સ્વામીને
કયાં સ્થાનમાં બોલે છે :- જેતપુર ગામમાં
કયા પ્રસંગે બોલે છે :- શ્રી સહજાનંદ સ્વામીના પટ્ટાભિષેકના પ્રસંગે.



**પ્ર.** 'તમે અહીં બધાના ઉપરી હતા તો ત્યાં જઈ તમે પણ ભૂમાપુરુષ થાઓ.'
**ઉ.** કોણ બોલે છે :- સદ્‌ગુરુ શ્રી સ્વરૂપાનંદ સ્વામી
કોને ઉદ્દેશી બોલે છે :- ધર્મરાજાને
કયાં સ્થાનમાં બોલે છે :- યમપુરીમાં
કયા પ્રસંગે બોલે છે :- યમપુરીમાં દુઃખ ભોગવતા જીવોનો સ્વામિનારાયણ નામથી મોક્ષ કર્યો તે પ્રસંગે.

**પ્ર.** 'કોણ ગુરુ ને કોણ શિષ્ય છે તે આજે જાણ્યું. કૃપા કરી પૂજા કરવા દો.'
**ઉ.** કોણ બોલે છે :- સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી
કોને ઉદ્દેશી બોલે છે :- શ્રી સ્વામિનારાયણ ભગવાનને
કયાં સ્થાનમાં બોલે છે :- કાલવાણી ગામમાં
કયા પ્રસંગે બોલે છે :- ગુરુકૃપાએ શ્રી મુક્તાનંદ સ્વામીને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો તે પ્રસંગે.

**પ્ર.** 'હમ આયે ઓર તુમ આક્રંદ કરતે હો ! યે ક્યા બાત હે ?'
**ઉ.** કોણ બોલે છે :- શ્રી વ્યાપકાનંદ સ્વામી
કોને ઉદ્દેશી બોલે છે :- દાહાખાચરને
કયાં સ્થાનમાં બોલે છે :- બોટાદમાં
કયા પ્રસંગે બોલે છે :- દાહાખાચરની ઘોડી મરી ગઈ તે પ્રસંગે.

**પ્ર.** 'વ્યાપકાનંદ સ્વામી, તમે તો ભગવાન થઈ ગયા ! '
**ઉ.** કોણ બોલે છે :- શ્રી સ્વામિનારાયણ ભગવાન.
કોને ઉદ્દેશી બોલે છે :- શ્રી વ્યાપકાનંદ સ્વામીને

કયાં સ્થાનમાં બોલે છે :- ગઢડામાં
કયા પ્રસંગે બોલે છે :- દાહાખાચરની મૃત ઘોડીને જીવતી કરીને આવ્યા તે પ્રસંગે.

પ્ર. ‘આજથી હિંસા ન કરીશ. જ્યારે ભૂખ લાગે ત્યારે ગામમાં આવજે. બધાયને તારું પેટ બતાવજે, તેથી તને ખાવા આપશે.’

ઉ. કોણ બોલે છે :- ખુશાલ ભટ્ટ
કોને ઉદ્દેશી બોલે છે :- વાઘને
કયાં સ્થાનમાં બોલે છે :- ટોડલા ગામમાં
કયા પ્રસંગે બોલે છે :- વાઘ બ્રહ્મપુત્ર અને ગાય ઉપર ત્રાટક્યો તે પ્રસંગે.

પ્ર. ‘આ સંપ્રદાય અમારો છે, તે તમારો જ છે. માટે સત્સંગને સાચવજો.’

ઉ. કોણ બોલે છે :- શ્રી સ્વામિનારાયણ ભગવાન
કોને ઉદ્દેશી બોલે છે :- સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને
કયાં સ્થાનમાં બોલે છે :- ગઢડામાં
કયા પ્રસંગે બોલે છે :- અંતર્ધાન થતાં પૂર્વે સત્સંગની સોંપણી કરી તે પ્રસંગે.

પ્ર. ‘આટલાં વર્ષ હું તારે ઘેર રહ્યો છતાંય મને મનુષ્ય જેવો જાણ્યો ?’

ઉ. કોણ બોલે છે :- શ્રી સ્વામિનારાયણ ભગવાન
કોને ઉદ્દેશી બોલે છે :- દાદાખાચરને
કયાં સ્થાનમાં બોલે છે :- ગઢડામાં
કયા પ્રસંગે બોલે છે :- અંતર્ધાન લીલા વખતે દાદાખાચર ઉદાસ થઈ ગયા તે પ્રસંગે.



પ્ર. ‘જેઠા ! ગાંડીઓ કેમ થઈ ગયો ?’

ઉ. કોણ બોલે છે :- સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા
કોને ઉદ્દેશી બોલે છે :- જેઠા ભક્તને
કયાં સ્થાનમાં બોલે છે :- ગઢપુરમાં
કયા પ્રસંગે બોલે છે :- શ્રીજીમહારાજ અંતર્ધાન થયા તે પ્રસંગે.

પ્ર. ‘સ્વામી, તમે તો શ્રીજીમહારાજને સ્થાને છો, તમારાં દર્શન થયાં એટલે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. હું તો આપને તેડવા આવ્યો છું.’

ઉ. કોણ બોલે છે :- શ્રી બ્રહ્મમુનિ
કોને ઉદ્દેશી બોલે છે :- સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને
કયાં સ્થાનમાં બોલે છે :- ગઢપુર-મંદિરમાં
કયા પ્રસંગે બોલે છે :- સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને મૂળી મંદિરની પ્રતિષ્ઠા માટે તેડવા પધાર્યા તે પ્રસંગે.

પ્ર. ‘સ્વામી ! તમે તો નંદના પણ નંદ છો.’

ઉ. કોણ બોલે છે :- શ્રી પરમાનંદ સ્વામી
કોને ઉદ્દેશી બોલે છે :- સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાને
કયાં સ્થાનમાં બોલે છે :- અમદાવાદ-મંદિરમાં
કયા પ્રસંગે બોલે છે :- શ્રી સ્વામિનારાયણ ભગવાને દિવ્ય દર્શન આપી સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાનો મહિમા સમજાવ્યો તે પ્રસંગે.

પ્ર. ‘દોલતસંગ, અમારાથી તારું અન્ન ના જમાય.’

ઉ. કોણ બોલે છે :- સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા
કોને ઉદ્દેશી બોલે છે :- દોલતસંગને
કયાં સ્થાનમાં બોલે છે :- લવાડ ગામમાં
કયા પ્રસંગે બોલે છે :- તખુભાને સર્પદંશ થતાં મૃત્યુમાંથી બચાવ્યો તે પ્રસંગે.

પ્ર. ‘તમ જેવા પુત્ર ખપે.’

ઉ. કોણ બોલે છે :- દેવુબા
કોને ઉદ્દેશી બોલે છે :- શ્રી સ્વામિનારાયણ ભગવાનને
કયાં સ્થાનમાં બોલે છે :- વૃષપુર-કૃષ્ણ તલાવડીએ
કયા પ્રસંગે બોલે છે :- દેવુબાની ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાને વર માગવા કહ્યું તે પ્રસંગે.

પ્ર. ‘ઢીંગલા વિના આ ખજૂર ક્યાંથી લાવ્યા ?’

ઉ. કોણ બોલે છે :- દેવુબા
કોને ઉદ્દેશી બોલે છે :- બાલસ્વરૂપ બાપાશ્રીને
કયાં સ્થાનમાં બોલે છે :- વૃષપુરમાં
કયા પ્રસંગે બોલે છે :- પાંચાપિતાના મંદવાડ પ્રસંગે.

પ્ર. ‘અહીં બેઠા થકા જીવને મહારાજની મૂર્તિના સુખમાં મૂકી દે એવા કોઈ અત્યારે હશે ?’

ઉ. કોણ બોલે છે :- સદ્ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા
કોને ઉદ્દેશી બોલે છે :- શ્રી અબજી બાપાશ્રીને



કયાં સ્થાનમાં બોલે છે :- મૂળી-મંદિરમાં
કયા પ્રસંગે બોલે છે :- સદ્ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા ચાતુર્માસ કરવા મૂળી પધાર્યા તે પ્રસંગે.

પ્ર. ‘અહોહોહો ! આપ આવા દિવ્ય તેજોમય મૂર્તિ છો ! આ તો એકલું તેજ જ ભર્યું છે.’

ઉ. કોણ બોલે છે :- સદ્ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા
કોને ઉદ્દેશી બોલે છે :- શ્રી અબજી બાપાશ્રીને
કયાં સ્થાનમાં બોલે છે :- અમદાવાદ-મંદિરમાં
કયા પ્રસંગે બોલે છે :- મંદવાડને રજા આપી બાપાશ્રી સ્વામીશ્રીના દર્શને આવ્યા તે પ્રસંગે.

પ્ર. ‘મને કચ્છવાળા બાપાશ્રી તેડવા આવ્યા છે તેથી હું અક્ષરધામમાં જાઉં છું.’

ઉ. કોણ બોલે છે :- ચુનીલાલ
કોને ઉદ્દેશી બોલે છે :- પોતાના પિતાશ્રી વગેરે સંબંધીઓને.
કયાં સ્થાનમાં બોલે છે :- કપડવંજ ગામમાં
કયા પ્રસંગે બોલે છે :- પોતાની અંતઅવસ્થાએ બાપાશ્રી તેમને તેડવા પધાર્યા તે પ્રસંગે.

પ્ર. ‘આચાર્ય આચાર્ય શું કરો છો ? આ આપણા આચાર્ય.’

ઉ. કોણ બોલે છે :- શ્રી અબજી બાપાશ્રી
કોને ઉદ્દેશી બોલે છે :- સંતો-હરિભક્તોને
કયાં સ્થાનમાં બોલે છે :- ખાખરીઆ ટપ્પામાં

| | | | |
|---|---|---|---|
| | કયા પ્રસંગે બોલે છે | :- | સંતો-હરિભક્તો અંદરોઅંદર આચાર્ય સંબંધી વાતો કરતા હતા તે પ્રસંગે. |

પ્ર. ‘કેમ કુંવરજીભાઈ ! તમારા સંકલ્પો નાશ પામ્યાને ?’

| | | | |
|---|---|---|---|
| ઉ. | કોણ બોલે છે | :- | શ્રી અબજી બાપાશ્રી |
| | કોને ઉદ્દેશી બોલે છે | :- | કુંવરજીભાઈને |
| | કયાં સ્થાનમાં બોલે છે | :- | વૃષપુર-મંદિરમાં |
| | કયા પ્રસંગે બોલે છે | :- | બાપાશ્રી સાથે કુંવરજીભાઈનો પ્રથમ મેળાપ થયો તે પ્રસંગે. |

પ્ર. ‘આફ્રિકા જવાનું તો કેટલાય વખત થશે, પણ અહીં ક્યારે આવો છો ?’

| | | | |
|---|---|---|---|
| ઉ. | કોણ બોલે છે | :- | સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા |
| | કોને ઉદ્દેશી બોલે છે | :- | શ્રી પુરુષોત્તમભાઈને |
| | કયાં સ્થાનમાં બોલે છે | :- | સરસપુર-મંદિરમાં |
| | કયા પ્રસંગે બોલે છે | :- | પુરુષોત્તમભાઈ સદ્ગુરુ બાપાના સાન્નિધ્યમાં આવ્યા તે પ્રસંગે. |

પ્ર. ‘સભાના પ્રમુખ કોણ ? પ્રમુખ વિનાની સભા નિર્ણય જ ન લઈ શકે.’

| | | | |
|---|---|---|---|
| ઉ. | કોણ બોલે છે | :- | જીવનપ્રાણ સ્વામીબાપા |
| | કોને ઉદ્દેશી બોલે છે | :- | સભાસદોને |
| | કયાં સ્થાનમાં બોલે છે | :- | અમદાવાદ-મંદિરમાં |
| | કયા પ્રસંગે બોલે છે | :- | પ્રતિસ્પર્ધીઓએ રહસ્યાર્થપ્રદીપિકા ટીકાવાળા વચનામૃતને અપ્રમાણ ઠેરાવવાના બદઈરાદાથી ભરેલી વિદ્વત્સભાના પ્રસંગે. |



પ્ર. ‘તું મારી સેવા કરે છે કે હું તારી સેવા કરું છું ?’

| | | | |
|---|---|---|---|
| ઉ. | કોણ બોલે છે | :- | શ્રી ઘનશ્યામ મહારાજ |
| | કોને ઉદ્દેશી બોલે છે | :- | સ્વામીબાપાને |
| | કયાં સ્થાનમાં બોલે છે | :- | કડી-મંદિરમાં |
| | કયા પ્રસંગે બોલે છે | :- | પ્રતિસ્પર્ધીઓએ ષડયંત્ર યોજ્યું તે પ્રસંગે. |

પ્ર. ‘કોઈ નહિ હોય તો આ થાંભલા કથા સાંભળશે.’

| | | | |
|---|---|---|---|
| ઉ. | કોણ બોલે છે | :- | જીવનપ્રાણ સ્વામીબાપા |
| | કોને ઉદ્દેશી બોલે છે | :- | સાધુઓને |
| | કયાં સ્થાનમાં બોલે છે | :- | વીસનગર-મંદિરમાં |
| | કયા પ્રસંગે બોલે છે | :- | વીસનગરમાં કથા કરવા ગયા તે પ્રસંગે. |

પ્ર. ‘જુઓ..... આ વીંછી નથી, ધન ઊભરાય છે.’

| | | | |
|---|---|---|---|
| ઉ. | કોણ બોલે છે | :- | જીવનપ્રાણ સ્વામીબાપા |
| | કોને ઉદ્દેશી બોલે છે | :- | સંતોને |
| | કયાં સ્થાનમાં બોલે છે | :- | મણિનગર-મંદિરમાં |
| | કયા પ્રસંગે બોલે છે | :- | ઠાકોરજી માટે કેરોસીનના ડબ્બામાં ખીચડી બનાવી તે પ્રસંગે. |

પ્ર. ‘તમે મારી રહેવાની જગ્યામાં બેસી ગયા ?’

| | | | |
|---|---|---|---|
| ઉ. | કોણ બોલે છે | :- | શ્રી ઘનશ્યામ મહારાજ |
| | કોને ઉદ્દેશી બોલે છે | :- | સ્વામીબાપાને |
| | કયાં સ્થાનમાં બોલે છે | :- | મણિનગર-મંદિરમાં |
| | કયા પ્રસંગે બોલે છે | :- | સ્વામીબાપા શ્રી ઘનશ્યામ મહારાજની સમીપે બાર દિવસ અખંડ ધ્યાનમાં બેઠા તે પ્રસંગે. |

# જોડકાં

| અ (પ્રસંગ) | આ (સમય) |
|---|---|
| શ્રી નીલકંઠ વર્ણીનું લોજમાં આગમન | સં. ૧૮૫૬ |
| શ્રી નીલકંઠ વર્ણીની મહાદીક્ષા | સં. ૧૮૫૭ |
| સદ્. શ્રી રામાનંદ સ્વામીની અંતર્ધાન લીલા | સં. ૧૮૫૮ |
| સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીની મહાદીક્ષા | સં. ૧૮૬૪ |
| શ્રી સ્વામિનારાયણ ભગવાનની અંતર્ધાન લીલા | સં. ૧૮૮૬ |
| સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીની અંતર્ધાન લીલા | સં. ૧૯૦૮ |
| બાપાશ્રીનું છસો હરિભક્તોના સંઘ સાથે ગુજરાતમાં આગમન | સં. ૧૯૪૨ |
| સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી-મૂળીમાં ચાતુર્માસ | સં. ૧૯૪૪ |
| સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીની મહાદીક્ષા | સં. ૧૯૪૬ |
| સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની અંતર્ધાનલીલા | સં. ૧૯૪૮ |
| બાપાશ્રીની અંતર્ધાનલીલા | સં. ૧૯૮૪ |
| જીવનપ્રાણ સ્વામીબાપાની મહાદીક્ષા | સં. ૧૯૮૬ |
| સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીની અંતર્ધાનલીલા | સં. ૧૯૯૮ |
| જીવનપ્રાણ સ્વામીબાપાનું મણિનગરમાં આગમન | સં. ૧૯૯૯ |
| મણિનગરમાં શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા | સં. ૨૦૦૦ |
| સ્વામીબાપાની ૧૨ દિવસની ધ્યાનતપશ્ચર્યા | સં. ૨૦૦૦ |
| સ્વામીબાપાની ૩૧ દિવસની ધ્યાનતપશ્ચર્યા | સં. ૨૦૦૧ |



| | |
|---|---|
| શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળની સ્થાપના | સં. ૨૦૦૨ |
| બાપાશ્રીનો શતાબ્દી મહોત્સવ | સં. ૨૦૦૬ |
| સ્વામીબાપાની ૧૩ દિવસની ધ્યાનતપશ્ચર્યા | સં. ૨૦૦૭ |
| મણિનગરમાં શિખરબદ્ધ મંદિરનું નિર્માણ | સં. ૨૦૧૧ |
| સ્વામીબાપાની સુવર્ણતુલા | સં. ૨૦૧૩ |
| અમદાવાદમાં અખિલ ભારત સાધુ સમાજનું મહાસંમેલન | સં. ૨૦૧૪ |
| મણિનગરમાં શ્રી ઘનશ્યામ મહારાજનો રજત પ્રતિષ્ઠા મહોત્સવ | સં. ૨૦૨૫ |
| બાપાશ્રીનો શતરજત જયંતી મહોત્સવ | સં. ૨૦૨૬ |
| સ્વામીબાપાની આંતરરાષ્ટ્રીય સંસ્કારયાત્રા | સં. ૨૦૨૬ |
| સ્વામીબાપાની ૬૧ દિવસની ધ્યાનતપશ્ચર્યા | સં. ૨૦૨૮ |
| સુવર્ણ તુલા સ્મૃતિ મહોત્સવ | સં. ૨૦૨૮ |
| શ્રી સ્વામિનારાયણ ગાદીનું સંસ્થાપન | સં. ૨૦૨૮ |
| ઉત્તર ભારતની મોક્ષદાયી યાત્રા | સં. ૨૦૨૯ |

| અ (કર્તા) | આ (કાર્ય) |
|---|---|
| માર્કંડેય મુનિ | શ્રી ઘનશ્યામ પ્રભુનું નામાભિધાન કર્યું. |
| શ્રી ઘનશ્યામ પ્રભુ | કંદોઈની બધી મીઠાઈ ખાઈ ગયા. |
| શ્રી ઘનશ્યામ પ્રભુ | કાશીની વિદ્વત્સભામાં વિશિષ્ટાદ્વૈતમતનું પ્રતિપાદન કર્યું. |
| શ્રી નીલકંઠ વર્ણી | બાઈઓ તથા ભાઈઓની સભા અલગ કરાવી. |

| | |
|---|---|
| શ્રી રામાનંદ સ્વામી | શ્રી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સુપ્રત કરી. |
| શ્રી સહજાનંદ સ્વામી | સંપ્રદાયમાં એકસૂત્રતા પ્રસ્થાપિત કરી. |
| શ્રી સહજાનંદ સ્વામી | સ્વામિનારાયણ નામને પ્રસિદ્ધ કર્યું. |
| શ્રી વ્યાપકાનંદ સ્વામી | દાહાખાચરની મૃત ઘોડીને જીવતી કરી. |
| શ્રી ખુશાલ ભટ્ટ | વાઘને સમાધિ કરાવી. |
| શ્રી ખુશાલ ભટ્ટ | ગાય અને બ્રહ્મપુત્રને જીવતાં કર્યાં. |
| શ્રી ગોપાળાનંદ સ્વામી | નેમિવિજયજીને સમાધિ કરાવી. |
| શ્રી બ્રહ્માનંદ સ્વામી | મૂળીમાં શિખરબદ્ધ મંદિર બનાવ્યું. |
| શ્રી નિર્ગુણદાસજી સ્વામી | દોલતસંગનું હૃદયપરિવર્તન કર્યું. |
| શ્રી અબજી બાપાશ્રી | પિતાશ્રીને દિવ્ય ખજૂર જમાડી. |
| શ્રી અબજી બાપાશ્રી | સત્સંગ મહાસભાની સ્થાપના કરી. |
| શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી | રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાનો સંગ્રહ કર્યો. |
| શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી | સ્વામીબાપાને મહાદીક્ષા આપી. |
| શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી | મણિનગરમાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. |
| જીવનપ્રાણ સ્વામીબાપા | શાસ્ત્રાર્થમાં પ્રતિસ્પર્ધીઓને હંફાવ્યા. |
| જીવનપ્રાણ સ્વામીબાપા | મણિનગર મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજને પધરાવ્યા. |
| જીવનપ્રાણ સ્વામીબાપા | બાપાશ્રીના સિદ્ધાંતોને પ્રસિદ્ધ કર્યા. |
| જીવનપ્રાણ સ્વામીબાપા | શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્ત સ્વરૂપ આપ્યું. |



# ટૂંકનોંધ

## *(૧) દિવ્ય સંકેત*

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના પ્રેમી ભક્તોના મનોરથો પૂર્ણ કરી ઈચ્છિત સુખ આપવા, અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવા, મુમુક્ષુઓને પોતાનું સર્વોપરી જ્ઞાન આપી અક્ષરધામમાં લઈ જવા, કેવળ કૃપા કરી આ પૃથ્વી ઉપર પધારવા સંકલ્પ કર્યો. માયાના વમળમાં ફસાયેલા દુઃખી જીવડાઓને દુઃખમાંથી બહાર કાઢવા, ભવસાગરમાંથી ઉગારવા, મહાપ્રભુજી અક્ષરધામમાં મુક્તો સાથે પૃથ્વી ઉપર પધારવા સંકલ્પ કરે છે. ત્યારે મુક્તો મહાપ્રભુજીને કહે છે કે હે પ્રભો! જીવોનાં દુઃખને દૂર કરવા માટે આપ જ એક સમર્થ સર્વશક્તિમાન સ્વતંત્રમૂર્તિ છો. જીવોને અનાદિ મુક્તની સ્થિતિ પમાડવી એ આપનું કામ છે. મુક્તોની આવી વિનયયુક્ત વાણી સાંભળી મહાપ્રભુજી કહે છે કે હે મુક્તો, તમારી વાત સાચી છે, પરંતુ જીવો માયાની અંદર ફસાયેલા છે. તેમને અમારી ઓળખાણ તો થવી જોઈએને ? જીવો અમને ઓળખશે કેવી રીતે કે આ સર્વોપરી ભગવાન છે ? અને જ્યાં સુધી ઓળખાણ નહીં થાય ત્યાં સુધી તે મારી પાસે આવશે નહિ. સજાતિને સજાતિમાં સહેજે હેત થાય માટે તમે મારી સાથે પૃથ્વી ઉપર પધારો, તેમના જેવા થઈ મારું ભજન કરો અને તેમને મારી ઓળખાણ કરાવો. ત્યારે મુક્તો મહાપ્રભુજીને પુનઃ વિનંતી કરતા કહે છે કે પ્રભુજી! જીવમાંથી મુક્ત કરવાનું કામ તો આપનું છે. આપ તેમને પાસે બોલાવો, વર્તમાન ધરાવો, દેહ પડાવો અને અનાદિ મુક્તની પંક્તિમાં રાખી લો. મુક્તોની આ વાત સાંભળીને મહાપ્રભુજીએ હસતા હસતા કહ્યું કે જો એમ કરીશું તો લોકો એમ કહેશે કે એમની પાસે જશો નહિ, જો જશો તો મરી જશો. એટલે લોકો મારી પાસે આવશે નહિ. પછી કોના મોક્ષ

કરીશું? માટે હે મુક્તો, તમે મનુષ્ય જેવા થઈ મારી સાથે ભરતખંડ પ્રત્યે પધારો. લોકોને મારે વિશે સ્નેહ કરાવો. પછી પડદો હટાવી સત્ય હકીકતથી વાકેફ કરી વર્તમાન ધરાવી, દેહ પડાવી જીવોને આપણા જેવા દિવ્ય સાકાર કરી અનાદિ મુક્તની પંક્તિમાં રાખી લઈશું. આવી રીતે મુક્તો સાથે દિવ્ય સંકેત કરી, મહાપ્રભુજીએ ભરત ખંડને વિશે મનુષ્યરૂપે દર્શન આપ્યાં.

## (૨) કાળિદત્તનો વધ

બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહાપ્રભુ આનંદ ઉપજાવતી બાળચેષ્ટાઓથી સહુને પોતાની તરફ આકર્ષતા હતા. મહાપ્રભુજીમાં એવું ગજબનું આકર્ષણ હતું કે સહુ કોઈ તેમને તેડતા, રમાડતા, હુલાવતા, ચુંબન કરી લ્હાવા લેતા હતા. મહાપ્રભુજીએ પા પા પગલીઓ ભરતા ધરતી પર ચરણો ધર્યા. ધરતી પણ એ કોમલ ચરણોનું ચુંબન કરી હર્ષાન્વિત બની. મહાપ્રભુજીએ ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો ત્યારે ચૌલ સંસ્કાર-ગર્ભના કેશ ઉતરાવવાનો વિધિ કરવામાં આવ્યો. આ પ્રસંગે માતાપિતા બ્રાહ્મણોની-સગાં સંબંધીઓની સરભરા કરવામાં વ્યસ્ત થયા. તે વખતે બાળસખાઓ રમતા રમતા ગામની પાસે આવેલા બગીચામાં પહોંચી ગયા. આ બાળમંડળીમાં બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહાપ્રભુ પણ સામેલ હતા. બગીચામાં નાના બાળકોને રમતા જોઈ કાળીદત્ત નામનો અસુર તંત્રવિદ્યાના બળે બાળકનું રૂપ ધરી તેમની સાથે રમવા લાગ્યો. તેણે પોતાનું બિહામણું રૂપ ધારણ કરી બાળ સખાઓને ભગાડી દીધા. બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહાપ્રભુને એક વૃક્ષના થડ પાસે બેઠેલા જોયા. મહાપ્રભુને એકલા જાણી તે મારવા માટે દોડ્યો. પરંતુ અખિલ ભુવનના નાથ કે જેની દૃષ્ટિથી કાળ પણ થરથર કંપે છે, એ દૃષ્ટિમાંથી છૂટતી અગ્નિવર્ષા કાળીદત્તથી સહન ન થઈ. તે



બળવા લાગ્યો. તેણે પોતાની માયાના બળે આંધી અને તોફાન સર્જ્યાં અને વિકરાળ સ્વરૂપ ધારણ કરી બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહાપ્રભુ જે વૃક્ષ નીચે બેઠા હતા તે વૃક્ષ ઉપર પડ્યો. વૃક્ષ તૂટ્યું પણ મહાપ્રભુજીને છત્રરૂપ બની રહ્યું. કાળીદત્ત ભાન ભૂલ્યો. પોતાની માયાવી વિદ્યાને સંકેલી શક્યો નહિ અને વૃક્ષો સાથે અથડાઈ અફળાઈ લોહી લુહાણ થઈ અંતે મૃત્યુ પામ્યો. આમ શ્રી ઘનશ્યામ મહાપ્રભુએ બાળસ્વરૂપે જ પૃથ્વી પરના એક પાપને-પાપના મૂળને ઓછું કર્યું.

## (૩) શ્રી નીલકંઠ વર્ણીનું વનવિચરણ

શ્રી ઘનશ્યામ પ્રભુએ અગિયારમા વર્ષે પોતાના માતાપિતાને દિવ્ય ગતિ પમાડી. ત્યારબાદ સગાંસંબંધીઓને પૂછ્યા વિના જ અનેક જીવોના ઉદ્ધારાર્થે ગૃહત્યાગ કરી વર્ણીવેશે વનમાં વિચરણ કર્યું. બદ્રીનાથ, કેદારનાથ, મુક્તનાથ વગેરે સ્થળોએ જઈ તપસ્વીઓને તપની રીત શીખવવા કઠોર તપ કર્યું. તીવ્ર ઠંડી અને હિમવર્ષામાં પણ એક પગે ઊભા રહી તપશ્ચર્યા કરવાની રીત શીખવાડી. ગોપાળયોગી પાસે યોગ શીખવા રહ્યા. જ્યારે ગોપાળ યોગી યોગમાં અટક્યા ત્યારે તેમને યોગ સિદ્ધ કરાવી પોતાના દિવ્ય સાકાર સ્વરૂપનું દર્શન કરાવ્યું. ગોપાળ યોગી પાસે શંખ ફૂંકાવડાવી વનમાં રહેતા લોકોના પાલતું પશુઓની હિંસક પશુઓ થકી રક્ષા કરાવી.

ત્યાંથી આગળ ચાલતા સીરપુરનગર પધાર્યા. ત્યાં સ્વસંકલ્પથી મૂશળધાર વૃષ્ટિ કરીને તથા પ્રચંડ વાયુ વહાવીને તામસ મંત્રો તથા ક્ષુદ્ર દેવદેવીઓના હજારો દાંભિક સિદ્ધોનો ગર્વ ઉતાર્યો અને સિદ્ધવલ્લભ રાજાને આત્યંતિક મોક્ષનું વરદાન આપ્યું. ત્યાંથી આગળ વનવિચરણ કરતાં વર્ણીરાજ ચાર ગાઉની પહોળા પટની નદીમાં શરીરને તણાતું મૂકી આગળ નવલખા પર્વત પર પહોંચ્યા. તે પર્વત પર તપ કરતા નવ

લાખ ઋષિઓને તપ અને યોગનું ફળ આપી આત્યંતિક મોક્ષના આશીર્વાદ આપ્યા. ત્યાંથી બાળવાકુંડ તથા કપિલાશ્રમ થઈ જગન્નાથપુરી પધાર્યા. ત્યાં બાવાના વેશધારી પૃથ્વીના ભારરૂપ હજારો અસુરોની જમાતો રહેતી હતી. તાંદળજાની લીલી ભાજી તોડવાના મિષે તે ભાર હળવો કર્યો. ત્યાંથી આગળ ચાલતા માનસપુર પધાર્યા. ત્યાં પણ સત્રધર્મા રાજા દ્વારા જગન્નાથપુરીથી નાસી છૂટેલા અસુરોનો નાશ કરાવ્યો. સત્રધર્મા રાજાને મોક્ષનું વરદાન આપી નીલકંઠ વર્ણી ત્યાંથી કન્યાકુમારી રામેશ્વરમ્ પધાર્યા. ત્યાંથી કોંકણપટ્ટી પરથી પસાર થઈ પશ્ચિમ ઘાટને ઓળંગી ગુજરાતની ધરતીને પાવન કરતા શ્રી નીલકંઠ વર્ણી સૌરાષ્ટ્રમાં લોજની વાવ પર પધાર્યા.

### (૪) સિંધના સોદાગરને થયેલું દિવ્ય દર્શન

ગુરુવર્ય સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી ભૂજથી પીપલાણા પધારે છે. શ્રી મુક્તાનંદ સ્વામી સાથે શ્રી નીલકંઠ વર્ણી પણ પીપલાણા પધારે છે. સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી અને શ્રી નીલકંઠ વર્ણીનું ત્યાં મિલન થાય છે. શ્રી રામાનંદ સ્વામીએ પોતાની ભુજામાં વર્ણીને સમાવી લીધા. અનિમેષ નયને વર્ણીના મુખારવિંદનાં દર્શન કરતાં શ્રી રામાનંદ સ્વામીના નયનોમાંથી પ્રેમમોતી ચમકવા લાગ્યા. આ અદ્‌ભુત દર્શન જનસમૂહ પણ કરી રહ્યો હતો. શ્રી રામાનંદ સ્વામી આસન પર વિરાજમાન થયા. તેમની સન્મુખ વર્ણીજી બિરાજ્યા. એ સમયે પીપલાણા ગામમાં એક સિંધના સોદાગરે પ્રવેશ કર્યો. ગામમાં પ્રવેશતાંની સાથે જ તેના મનમાં ઊપજતા સર્વ ઘાટ સંકલ્પો ટળી ગયા. તે એક પ્રકારની દિવ્ય અલૌકિક શાંતિ અનુભવવા લાગ્યો. તેથી તે વિચાર કરવા લાગ્યો કે આમ કેમ ? જરૂર આ ગામની અંદર ખુદા કે ઓલિયા પુરુષનો વાસ હોવો જોઈએ. તેણે ગામના માણસોને પૂછ્યું કે આ ગામમાં



કોઈ ખુદા કે ઓલિયા પુરુષ છે ? ત્યારે એક ગ્રામ્યજને ઉત્તર આપતાં કહ્યું કે ભાઈ, નરસિંહ મહેતાને ત્યાં કેટલાક સાધુ-મહાત્માઓ આવ્યા છે. ત્યાં જાઓ. તેમાં કોઈક ખુદા કે ઓલિયા હોય તો હોય.

તે ગ્રામ્યજનની વાત સાંભળી તે સોદાગર નરસિંહ મહેતાને ત્યાં આવ્યો. શ્રી રામાનંદ સ્વામી અને શ્રી નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં. જ્યાં શ્રી નીલકંઠ વર્ણી અને સોદાગરની દૃષ્ટિ એક થઈ કે તરત જ સોદાગર સમાધિમાં ચાલ્યો ગયો. સમાધિમાં તેને શ્રી નીલકંઠ વર્ણી ઊંચા આસન ઉપર બિરાજમાન છે અને શ્રી રામાનંદ સ્વામી તેમની સમક્ષ સ્તુતિ-પ્રાર્થના કરે છે એવું દર્શન થયું. સમાધિમાંથી જાગ્રત થયો કે તરત જ તેણે પૂછ્યું કે, ''હિન્દુ મેં યે ઊલ્ટી રીત કૈસી, ઓલિયા ઊંચે આસન પે ઔર ખુદા જમીન પે.'' શ્રી રામાનંદ સ્વામી બોલ્યા કે, 'હિન્દુ મેં યે પુરાણી રસમ હૈ. ખુદા ઈસ લોગ મેં ઈસી સમય શિષ્ય કે સ્વરૂપ મેં હૈં ઈસલિયે વે જમીન પર બૈઠે હૈં. જૈસે વશિષ્ઠઋષિ કે સામને રામચંદ્રજી બૈઠતે થે.' શ્રી રામાનંદ સ્વામીનો પ્રત્યુત્તર સાંભળી સોદાગર મૌન રહ્યો. પ્રથમ શ્રી નીલકંઠ વર્ણીનાં અને પછી શ્રી રામાનંદ સ્વામીનાં દર્શન કરી તે સોદાગર આનંદ અનુભવતો ચાલ્યો ગયો.

### (૫) સ્વામિનારાયણ નામનું પ્રાગટ્ય

સંવત ૧૮૫૮ના માગશર સુદ ૧૩ના દિવસે શ્રી રામાનંદ સ્વામી ફણેણી ગામમાં અંતર્ધાન થયા. શ્રી રામાનંદ સ્વામીના સ્વધામ સિધાવ્યાના ચૌદમાના દિવસે ગામેગામના હરિભક્તોનો સમૂહ ત્યાં એકત્ર થયો.

સર્વ પ્રથમ સહજાનંદ સ્વામીએ ગુરુના શોકનું નિવારણ કરતા જણાવ્યું કે મહાપુરુષોનું પૃથ્વી પર પ્રાગટ્ય જીવોના કલ્યાણને માટે હોય છે. તેઓ સ્વતંત્ર છે. બીજા જીવોની જેમ કર્માધીન નથી. પ્રગટ

થવું અને અંતર્ધાન થવું એ તો તેમની એક લીલા છે. એમ કહીને પછી સભામાં ઉપદેશ આપતા જણાવ્યું કે, હે સંતો, તમે સર્વે જુદો જુદો વેશ ધારણ કરો છો તેથી એકસૂત્રતા દેખાતી નથી. માટે એક જ રીતિ કરવી છે તો તમે સર્વે આજથી ધોતિયું ગાતેડિયું અને માથે પાઘ ધારણ કરો. બધાએ સીવ્યા વિનાનાં ભગવાં વસ્ત્ર પહેરવાં અને એક જ વેશમાં રહેવું જેથી સમાજમાં તમે જુદા જ તરી આવશો. વળી ભાલમાં ઊર્ધ્વપુંડ્ર તિલક તથા કુંકુમનો ચાંદલો કરવો.

હે સંતો ભક્તો, તમે સર્વ એક જ ગુરુના શિષ્યો હોવા છતાં જુદી જુદી ઉપાસના કરો છો. પરંતુ સર્વને એક જ નામનું રટણ, સ્મરણ, ભજન, કીર્તન કરવું. તે નામ અમે જણાવીએ છીએ. પ્રથમ એ નામનો મહિમા તમે સાંભળો. એમ કહીને જણાવ્યું કે ખરા અંતઃકરણપૂર્વક વિશ્વાસથી એ નામનું જે સ્મરણ કરશે તેનાં સર્વ પાપ બળી જશે. યમદૂત ભાગી જશે, કાળા નાગનું ઝેર ઊતરી જશે. એવું એ પવિત્ર પ્રતાપશાળી નામ છે.

માતાપિતાએ, માર્કંડેય મુનિએ તથા શ્રી રામાનંદ સ્વામીએ અમારાં જુદાં જુદાં નામ પાડ્યાં પરંતુ અમારું ખરું-મૂળ નામ કોઈના હાથમાં આવ્યું નથી. આ લોકમાં નારાયણ ઘણા છે. સૂર્યનારાયણ, વૈરાટનારાયણ, લક્ષ્મીનારાયણ વગેરે... એ સર્વે નારાયણનો હું સ્વામી છું, નિયંતા છું, માટે મારું નામ સ્વામિનારાયણ છે.

આમ સર્વ સંતો ભક્તોમાં એકસૂત્રતા કરાવી શ્રી સહજાનંદ સ્વામીએ એક જ ઉપાસના કરાવવા માટે કલ્યાણકારી પરોપકારી એવા પોતાના સ્વામિનારાયણ નામને પ્રગટ કર્યું.



## *(૬) શ્રી વ્યાપકાનંદ સ્વામીને નિશ્ચય*

શ્રી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી અંતર્ધાન થયા. ત્યારબાદ શ્રી રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે શ્રી સહજાનંદ સ્વામીએ પોતાનું સ્વામિનારાયણ નામ પ્રસિદ્ધ કર્યું અને એ નામના પ્રતાપે અનેક જનોને સમાધિઓ કરાવી. શ્રી રામાનંદ સ્વામીને વિશે જેને ભગવાનપણાનો અડગ ભાવ હતો તેઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનને ભગવાન માનવા તૈયાર ન હતા. શ્રી વ્યાપકાનંદ સ્વામી અને શ્રી સ્વરૂપાનંદ સ્વામી પણ આમાના હતા. વ્યાપકાનંદ સ્વામી કહે સ્વરૂપાનંદ, આ નીલકંઠ, પોતાનું સ્વામિનારાયણ નામ રાખી પોતે ભગવાન છે એમ કહી એ નામનું ભજન કરવાનું કહે છે પરંતુ હું તો રામાનંદ રામાનંદ એમ જ ભજન કરવાનો છું. લાંબી મસલતના અંતે બંને સંતો ચાલ્યા જવાનો વિચાર કરી સૂઈ ગયા. રાત્રે બંનેને એકસરખું સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં શ્રી રામાનંદ સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ પ્રાર્થના કરે છે અને કહે છે કે હું આમનું ભજન કરું છું. તમે પણ આમનું ભજન કરો. અને સ્વપ્ન પૂર્ણ થયું. સ્વપ્ન પૂરું થતા બંને સંતો જાગ્યા અને ભેગા થઈ કહેવા લાગ્યા. હવે આપણા ઉપર બીજો કોઈ ઈલમ અજમાવે તે પહેલા આપણે અહીંથી ચાલી નીકળીએ.

સવારમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન સભા ભરીને વિરાજમાન છે. ત્યાં બંને સંતો જતાં પહેલા છેલ્લી વખત દર્શન કરવાની ઈચ્છાથી સભામાં આવી બેસી ગયા. એ વખતે ચંદન, આરતી, હાર વગેરે પૂજાનો ઉપચાર લઈ એક હરિભક્ત પૂજા કરવા આવ્યા. તેમને ભગવાને સભામાં બેસી જવા કહ્યું. પછી શ્રીજીમહારાજે વ્યાપકાનંદ સ્વામીને કહ્યું કે તમે અમારા ગુરુભાઈ છો અને આજે અમારાથી જુદા પડી રહ્યા છો તો અમારી

પૂજા કરીને જાઓ. વ્યાપકાનંદ સ્વામી ભગવાનની પૂજા કરવા જાય છે ત્યાં જ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વરૂપમાંથી ચોવીસ અવતારો અને મુક્તોને દેખાડ્યા. અને કહ્યું, સ્વામી, આ બધાયની એકી સાથે પૂજા કરો. ત્યારે વ્યાપકાનંદ સ્વામી કહે, આટલાં બધાં રૂપે કેવી રીતે થવાય ? ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે તમે જેને તમારા ઈષ્ટદેવ માનતા હો તેમનું નામ દઈને સંકલ્પ કરો કે તે સર્વોપરી ભગવાન હોય તો એમના પ્રતાપે આટલા રૂપે થાઉં. વ્યાપકાનંદ સ્વામી દરેક અવતારોના વારાફરતી નામ લઈને સંકલ્પ કરવા લાગ્યા પણ તેટલા રૂપે થવાયું નહિ. છેવટે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને સંકલ્પ કર્યો કે જો શ્રી સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન હોય તો તેમના પ્રતાપે આટલા રૂપે થાઉં. તરત જ તે એટલા રૂપે થયા અને પૂજા કરી. પુનઃ સંકલ્પ કરતાં સર્વ સ્વરૂપો લીન થઈ ગયા. પછી વ્યાપકાનંદ સ્વામીએ ગદ્‌ગદ કંઠે સ્તુતિ પ્રાર્થના કરી વિનંતી કરી કે હે પ્રભો, અમે અજ્ઞાની જીવ છીએ. અમને તમારા શરણમાં રાખો. ભગવાને તેમની પ્રાર્થના સ્વીકારી. આમ ભગવાને તેમને પોતાનો નિશ્ચય કરાવ્યો અને તેમના દ્વારા ભૂમાપુરુષ અને તેમના મુક્તોને અક્ષરધામમાં મોકલ્યા.

### *(૭) સ્વામિનારાયણ નામનો મહિમા*

સ્વામિનારાયણ નામનો મહિમા અપરંપાર છે. કારણ કે એ નામ સ્વયં સર્વોપરી શ્રી સહજાનંદ સ્વામીના મુખકમળમાંથી ઉદ્‌ભવ પામ્યું છે. એ નામના મહિમાને વર્ણવતા સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન જણાવે છે કે જે મુમુક્ષુ અમારા આ સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરશે તેના સર્વ પાપનો નાશ થઈ જશે. શ્રુતિમાં મારા અનેક નામ છે પરંતુ એ બધામાં સર્વોપરી તો આ એક જ નામ છે. બીજા નામનું સ્મરણ



હજારો વખત કરો પરંતુ આ સ્વામિનારાયણ નામના એક વખતના રટણની તોલે પણ તે ના આવે. આ નામ જપવાથી જે ફળ પ્રાપ્ત થાય તેનું વર્ણન કરવાને કોઈ સક્ષમ નથી. છ અક્ષરો ધરાવતા આ મંત્રથી સર્વ અર્થ સિદ્ધ થશે. સંકટ સર્વે ટળી જશે. સુખ શાંતિ પ્રાપ્ત થશે. અને અંતે તે જીવનો અક્ષરધામમાં નિવાસ થશે.

સ્વામિનારાયણ મંત્રનો પ્રતાપ ગાયત્રી મંત્ર કરતા લાખ ગણો વિશેષ છે. તેનો મહિમા મહેશ (શંકર) જેવા મોટા મોટા દેવો જાણે છે. જ્યાં જ્યાં મહામુક્તજનો વસે છે ત્યાં ત્યાં આ જ મંત્રનો જાપ થાય છે. આ મંત્રનો એવો પ્રતાપ છે કે જો અંતકાળે આ મંત્રનું શ્રવણ થઈ જાય તો તે મનુષ્ય અત્યંત પાપી હોય તો પણ તત્કાળ મોક્ષને પ્રાપ્ત કરે છે. આ મંત્રના જાપથી ભૂત પિશાચ વગેરે ભાગે છે. મનુષ્યને સદ્‌બુદ્ધિ પ્રગટે છે. આ મંત્રના ઉચ્ચારણથી જમ નાશી જાય છે. પ્રેમભાવથી અથવા દ્વેષભાવથી પણ જે આ નામનું ઉચ્ચારણ કરે છે તે મુક્તિ માર્ગનો પંથી બની જાય છે. જેમ જળથી શરીર શુદ્ધ થાય છે તેમ આ નામના સ્મરણથી અંતર શુદ્ધ થાય છે. જેનું અંતર પાપી હોય અને તે સ્વામિનારાયણ નામનો અખંડ જપ શરૂ કરે તો તેનું અંતર નિર્મળ થઈ જાય છે અને તે અલૌકિક દિવ્ય શાંતિ અનુભવે છે.

ષટ્‌શાસ્ત્રના સારરૂપ, ભવસિંધુને પાર કરાવનાર આ ષડક્ષરી મંત્રનું છએ ઋતુમાં દિવસે રાત્રીએ સર્વે ક્રિયામાં સ્મરણ કરવું. પવિત્ર દેહે અથવા તો અપવિત્ર દેહે પણ આ નામનું સ્મરણ થઈ શકે છે. જેણે અસંખ્ય પાપ કર્યા હોય, બ્રાહ્મણ, ગાય અને સંતને પીડા આપી હોય, તેવા પાપી જીવો સ્વામિનારાયણ નામ લેતા લજ્જા અનુભવે છે.

આમ સ્વામિનારાયણ નામનો મહિમા અપરંપાર છે અને કળિયુગમાં તે જ મંત્ર કલ્યાણકારી છે.

## (૮) શ્રી મુક્તાનંદ સ્વામીને નિશ્ચય

સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી અંતર્ધાન થયા. ત્યારપછી શ્રી સહજાનંદ સ્વામીએ પોતાનું સ્વામિનારાયણ નામ ઉદ્‌ઘોષિત કર્યું અને એ નામના ઉચ્ચારણે અનેક જીવોને સમાધિ કરાવવા લાગ્યા. શ્રી સ્વામિનારાયણ ભગવાન સમાધિ કરાવતા તે બાબત ઘણાને પસંદ ન આવી. સહજાનંદે બાબરોભૂત સાધ્યો છે. ઈન્દ્રજાળ જાણે છે. એવું માનનાર લોકો તથા જેઓને શ્રી રામાનંદ સ્વામીને વિશે ભગવાનપણાનો ભાવ હતો એવા સંતો ભક્તો શ્રી સહજાનંદ સ્વામીને ભગવાન માનવા તૈયાર ન હતા. તેઓ એમ માનતા કે શ્રી રામાનંદ સ્વામી પછી આ સહજાનંદે બધું જ બગાડી નાખ્યું છે અને પોતાનું નામ પ્રસિદ્ધ કરી પોતાનું ભજન કરાવે છે.

સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી પણ આમાના એક હતા. તેઓ મનોમન શ્રી રામાનંદ સ્વામીને પ્રાર્થના કરતા કે તમે આ સહજાનંદ સ્વામીને કાંઈક સમજાવો. એક વખત કાલવાણીમાં વહેલી સવારે શ્રી મુક્તાનંદ સ્વામી દિશાએ જઈ વીરડાથી થોડે દૂર બેસી હાથપગ ધોતા હતા. તે વખતે પૂર્વ દિશામાં તેજ દેખાણું. એ તેજની અંદર પૃથ્વીથી એક ગજ ઊંચી ચાલી આવતી આકૃતિ દેખાણી. જ્યાં આકૃતિ નજીક આવી એટલે મુક્તાનંદ સ્વામીએ આકૃતિને ઓળખી. અરે, આ તો રામાનંદ સ્વામી.... મારા ગુરુ. પછી મુક્તાનંદ સ્વામીએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી ગુરુજીને કહ્યું કે આપના ગયા પછી સહજાનંદે બધુંય બગાડી નાખ્યું છે અને પોતે ભગવાન થઈને પૂજાય છે. ત્યારે શ્રી રામાનંદ સ્વામીએ કહ્યું કે, અરે મુક્તાનંદ ! મારું વચન ભૂલી ગયો. હું કહેતો જ હતો કે, 'હું તો ડુગડુગી વગાડું છું અને મુમુક્ષુને જગાડું છું વેશના ભજવનાર તો વાંસે આવે છે.' તે વેશને ભજવનાર શ્રી સ્વામિનારાયણ



ભગવાન આવી ગયા છે. તેઓ સર્વોપરી ભગવાન છે. હું પણ તેમનું જ ભજન કરું છું અને તમે સર્વે પણ એમનું જ ભજન કરજો.

એમ કહી શ્રી રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના મસ્તકે પોતાનો કોમળ કર મૂક્યો અને તેમના શોકનું નિવારણ થયું. આમ ગુરુકૃપાએ મુક્તાનંદ સ્વામીને શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે ભગવાનપણાનો અડગ નિશ્ચય થયો.

## (૯) ખુશાલ ભટ્ટે વાઘને કરાવેલ સમાધિ

શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથની અંદર સ્વામીબાપાએ શ્રીજીના વારસદાર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના અનેક પરચા ચમત્કાર વર્ણવ્યા છે. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનું પૂર્વાશ્રમનું નામ ખુશાલ ભટ્ટ હતું. તેમણે જ્યારે ત્યાગીની દીક્ષા નહોતી લીધી ત્યારે પણ અનેકાનેક પરચા ચમત્કાર જણાવ્યા હતા.

એક વખત વહેલી સવારે એક બ્રાહ્મણનો છોકરો ગાયને પાણી પીવડાવવા માટે તળાવે જતો હતો. ત્યાં જંગલમાંથી વાઘ આવ્યો. તેણે બ્રાહ્મણપુત્ર અને ગાય પર હુમલો કર્યો અને બંનેને મારી નાખ્યાં. વાઘ ઘુરરાટી કરતો ત્યાં જ ઊભો રહ્યો. ગામમાં હાહાકાર ફેલાઈ ગયો. છોકરાના પિતાને ખૂબ જ આઘાત લાગ્યો. મારો એકનો એક પુત્ર મરણ પામ્યો, હવે મારે જીવીને શું કરવું ? એમ વિલાપ કરતો તે વાઘ સામે જવા ઊપડ્યો. લોકોએ ખૂબ મનાવ્યો, સમજાવ્યો છતાં તે કોઈનું ન માન્યો. એ સમયે ખુશાલ ભટ્ટ ત્યાં આવ્યા અને તે બ્રાહ્મણને રોક્યો. તે બ્રાહ્મણ તો ભટ્ટના ચરણમાં પડીને આક્રંદ કરવા લાગ્યો. તેને આશ્વાસન આપી ખુશાલ ભટ્ટ વાઘ પાસે આવ્યા ને વાઘના ગાલ પર એક જોરદાર ધોલ મારી. વાઘ તમ્મર ખાઈને પડી ગયો. ખુશાલ ભટ્ટે તેને સમાધિ કરાવી અને પૂર્વજન્મની સ્મૃતિ કરાવી. વાઘ સમાધિમાંથી જાગ્રત થતાની

સાથે ખુશાલ ભટ્ટને પ્રદક્ષિણા કરી સામે ઘૂંટણીએ પડી બેસી ગયો. તેને ખુશાલ ભટ્ટે આજ્ઞા કરી કે, 'આજથી હિંસા ન કરીશ. જ્યારે ભૂખ લાગે ત્યારે ગામમાં આવી બધાયને તારું પેટ બતાવજે, તેથી લોકો તને ખાવા આપશે.' આ આજ્ઞાને શિરોવંદ્ય કરી વાઘ ચાલ્યો ગયો. ત્યારબાદ ખુશાલ ભટ્ટે બ્રાહ્મણપુત્ર અને ગાય બંનેને પાણીની અંજલી છાંટી સજીવન કર્યાં.

વાઘ જ્યારે ભૂખ્યો થતો ત્યારે ગામમાં આવી પેટ બતાવતો આથી લોકો તેને ખાવાનું આપતા. પછી તો ગામના બાળકો પણ વાઘ સાથે હળી મળી ગયા અને તેની સાથે ગેલ કરતા. આવા તો અનેક પરચા-ચમત્કાર શ્રી ખુશાલ ભટ્ટે બતાવ્યા છે. તેઓ તો ચમત્કારના નિધિ હતા.

## *(૧૦) ચાર સદ્‌ગુરુઓનું અલૌકિક ઐશ્વર્ય*

સંતો ભક્તોથી શોભાયમાન સભાને વિશે શ્રી સ્વામિનારાયણ ભગવાને સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી, સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી, સદ્. શ્રી નિત્યાનંદ સ્વામી તથા સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને ઉદ્દેશીને કહ્યું કે, 'તમે તમારું અલૌકિક સામર્થ્ય હોય તે જણાવો.' શ્રીજીમહારાજની આજ્ઞા થતા શ્રી મુક્તાનંદ સ્વામી ઊભા થઈ હાથ જોડી કહેવા લાગ્યા કે, 'હે મહારાજ, પથ્થર જેવો કઠણ અને મલિન હૃદયવાળો પુરુષ પણ મારી વાણી સાંભળે તો તેનું અંતઃકરણ નિર્મળ થઈ જાય અને તે ભગવાન સન્મુખ થઈ જાય. એવો ચમત્કારી ગુણ આપની કૃપાએ મારામાં છે.' ત્યાર પછી શ્રી બ્રહ્માનંદ સ્વામીએ પોતાના અલૌકિક ઐશ્વર્યની વાત કરતાં કહ્યું કે, 'હે મહારાજ, હું જ્યારે આપના ભક્તિ-ધર્મ-જ્ઞાનના કાવ્યો કરું ત્યારે મારે શબ્દો ગોતવા ન પડે, શબ્દો સામેથી આવે, અને મારા કાવ્યમાં કોઈ જાતનો પિંગળ શાસ્ત્રનો દોષ ન આવે અને કાવ્યશાસ્ત્રમાં મને કોઈ જીતી ન શકે. એવો ચમત્કારી ગુણ



મારામાં આપની કૃપાએ છે.' પછી શ્રી નિત્યાનંદ સ્વામી સભા મધ્યે ઊભા થઈ બોલ્યા જે, 'હે મહારાજ, ભરત ખંડના ચારેય ધામોમાંથી કોઈ પણ વિદ્વાન આવીને મારી સાથે શાસ્ત્રાર્થ કરે તો પણ મને કોઈ જીતવા માટે સમર્થ થાય નહિ. એવો ચમત્કારી ગુણ આપની કૃપાએ મારામાં છે.'

ત્રણેય સંતોના ગુણ સાંભળ્યા બાદ સહુ શ્રોતાજનો સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનો ચમત્કારી ગુણ સાંભળવા તત્પર થયા. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ પોતાનું અલૌકિક ઐશ્વર્ય જણાવતાં કહ્યું કે, 'હે મહારાજ, જગતમાં એમ કહેવાય છે કે ભગવાનની મરજી વિના કાંઈ થતું નથી. પરંતુ આપના પ્રતાપે જે ધારું તે હું કરી શકું. એવો ચમત્કારી ગુણ આપની કૃપાએ મારામાં છે.'

શ્રી સ્વામિનારાયણ ભગવાન મંદ મંદ હાસ્ય કરી સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને ભેટી પડ્યા અને કહેવા લાગ્યા કે, સ્વામી, તમે એવા ચમત્કારી છો તે હું જાણું જ છું.

આમ, ભગવાને પોતાની સમીપમાં રહેતા મોટેરા ચાર સદ્‌ગુરુઓના અલૌકિક ઐશ્વર્યની જાણ સભાજનોને કરાવી.

## *(૧૧) દાદાખાચરને દિવ્ય દર્શન*

શ્રી સ્વામિનારાયણ ભગવાને જ્ઞાન આપી જીવોનાં મૂળ અજ્ઞાનને દૂર કરી પૃથ્વી પર એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું અને અભૂતપૂર્વ અલૌકિક આત્યંતિક કલ્યાણની રીત ચલાવી. પોતે ૪૯ વર્ષ, ૨ માસ અને ૧ દિવસ દર્શનદાન આપી સંવત ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ મંગળવારના રોજ સ્વતંત્રપણે મનુષ્ય લીલા સંકેલી લીધી. પ્રેમીજનો પર વજ્રાઘાત પડ્યો. કેટલાય ભક્તો શૂન્યમનસ્ક થઈ ગયા. સર્વત્ર શોક વ્યાપી ગયો. વાતાવરણનું અણુ એ અણુ આંસુ સારી રહ્યું. કોણ કોને સમજાવે ? કોણ

કોને આશ્વાસન આપે ? શ્રીજીના સ્થાને વિરાજતા સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ સર્વના શોકનું નિવારણ કરતાં આશ્વાસન આપ્યું. સર્વેના હૃદય શાંત થયા પરંતુ દાદાખાચરનું હૈયું શાંત થતું ન હતું. હવે ભગવાનનાં દર્શન નહીં થાય એ વિચારમાત્રે કરીને શરીરનું ભાન જતું રહેતું. તેમને થયું કે ભગવાન ગયા. હવે મારે જીવીને શું કરવું ? એવો વિચાર કરી તેમણે ચિતામાં પડવા દોટ મૂકી. બે સંતોએ તેમને પકડી લીધા અને સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા પાસે લાવ્યા. દાદાખાચર સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના ચરણ શોકાશ્રુથી પખાળતા કહેવા લાગ્યા કે, સ્વામી ! ભગવાન ગયા, હવે હું શી રીતે જીવું ?

ત્યારે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા બોલ્યા કે, દાદા.... ભગવાન નથી ગયા. ભગવાન તો સદાય પ્રત્યક્ષ છે છે ને છે જ. એ વાતની તમારે ખાતરી કરવી હોય તો જ્યાં હંમેશા ભગવાન બેસતા હતા તે બેઠકે જાઓ. દાદાખાચર સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના વચનમાં વિશ્વાસ લાવી તે બેઠકે ગયા તો ત્યાં મંદ મંદ હાસ્ય કરતાં કરુણાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં. દાદાખાચરના શરીરમાં ચેતન આવ્યું અને દોડીને ભગવાનના ચરણોમાં ઢળી પડ્યા. પછી ભગવાને તેમને ઊભા કરતા કહ્યું કે આટલા વર્ષ હું તારે ઘેર રહ્યો છતાંય મને મનુષ્ય જેવો જાણ્યો ? તું મને ગયો માને છે ? હું તો સદાય પ્રત્યક્ષ છું છું ને છું જ. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી બોલે છે તે હું જ બોલું છું. એમનું વચન સત્ય કરવા મેં દર્શન આપ્યું છે. આમ કહી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે પહેરેલો ગુલાબનો હાર દાદાખાચરને આપ્યો અને કહ્યું કે આ હારને સાચવજો. એમ કહી ભગવાન અદૃશ્ય થઈ ગયા. આમ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના વચને શ્રી સ્વામિનારાયણ ભગવાને દાદાખાચરને દિવ્ય દર્શન આપ્યાં.



## *(૧૨) નેમિવિજયજીને બતાવેલું ઐશ્વર્ય*

શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાનો સર્વોપરી મહિમા સંતો ભક્તો દ્વારા અનેક રીતે ફેલાવ્યો. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ઝડપથી થતી પ્રગતિના કારણે કેટલાક તેમના પ્રત્યે દ્વેષભાવ રાખતા અને સ્વામિનારાયણ ધર્મ અંગીકાર કરનારને હેરાન પરેશાન કરતા.

બોટાદમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત ભગાદોશી રહેતા હતા. તેમને નેમિવિજયજી નામે જૈન મુનિ પરેશાન કરતા અને કહેતા કે, 'કળિયુગમાં ભગવાન ન હોય, તું પાખંડમાં ફસાયો છે.' આમ કહીને ત્રાસ આપતા હતા.

એક સમયને વિશે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા બોટાદ ગામે પધાર્યા. બોટાદના ભગાદોશી સામે આવ્યા અને દર્શન કરી સર્વે વસ્તુ વિગત જણાવી. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ તેમને આશ્વાસન આપ્યું અને આગળ ચાલ્યા તેટલામાં ગામની ભાગોળે પેલા જૈન મુનિ નેમિવિજયજી સામા મળ્યા. તરત જ તેમણે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને પૂછ્યું કે, 'તમે કોણ છો ?' ત્યારે સ્વામીએ કહ્યું કે, 'આ જગતનો નિયંતા કર્તા હર્તા ભગવાન છું.' ત્યારે અચંબો પામી નેમિવિજયજીએ ફરીથી પૂછ્યું કે, 'શ્રી સ્વામિનારાયણ કોણ છે ?' ત્યારે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ કહ્યું કે, 'એ તો મારા ભગવાન છે.' એમ કહી સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ કરુણા કટાક્ષે નેમિવિજયજી સામે જોયું ત્યાં તો તેમને સમાધિ થઈ અને ધબ કરતા જમીન પર પડ્યા. સમાધિમાં તેમને દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય તેજોમય દર્શન થયાં. સાથે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનાં પણ દર્શન થયાં. વળી ભગવાનની સન્મુખ ઊભા રહીને ચોવીસ તીર્થંકરો સ્તુતિ-વંદના કરે છે તેવું દર્શન

થયું. ત્યાર પછી તે યમપુરીમાં ગયા અને ત્યાં મહાદુઃખને પામ્યા. જમીન પર પડેલું તેમનું શરીર દુઃખથી ઊંચુંનીચું થઈ આળોટવા લાગ્યું. તે મુનિનું આ દુઃખ જોઈ તેમના શિષ્યો ગભરાઈ ગયા અને સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને પ્રાર્થના કરવા લાગ્યા કે અમારી ભૂલ થઈ. અમારા અપરાધને માફ કરો. તમારું બિરદ જાણી રક્ષા કરો. ત્યારે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ તે મુનિ સામે કૃપાદૃષ્ટિ કરી અને સમાધિ છોડાવી. સમાધિ છૂટતાં જ તે જૈન મુનિ નેમિવિજયજી સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના ચરણોમાં પડી સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યા કે, 'સ્વામી, તમે સત્ય જ કહો છો કે તમે ભગવાન છો. અને તમારા ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. એવાં દર્શન મને સમાધિમાં થયાં. મારા ગુના માફ કરો.' કરુણાળુ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ કરુણા કરી તે જૈન મુનિના ગુના માફ કર્યા.

આમ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ તે જૈન મુનિને સમાધિમાં ભગવાનનું દિવ્ય દર્શન તથા યમપુરીનું દુઃખ ભોગવાવી સત્સંગનો દ્વેષ કરતા અટકાવ્યા.

## *(૧૩) મૂળી મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા*

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન અંતર્ધાન થયા પછી પ્રથમ મૂળીનું મંદિર તૈયાર થયું અને સાથે સાથે ધોલેરા મંદિરનું કાર્ય પણ પૂર્ણ થયું. મૂળી મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા માટેનો નિર્ણય કરવા શ્રી બ્રહ્માનંદ સ્વામી અને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ભેગા થયા અને તે નિર્ણય અનુસાર શ્રીજીના સ્થાનને શોભાવતા સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને મૂળી મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા માટે તેડવા શ્રી બ્રહ્માનંદ સ્વામી પોતે ગઢપુર ગયા. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાની તબિયત નાદુરસ્ત હતી અને ધોલેરા મંદિરમાં મૂર્તિઓની



પ્રતિષ્ઠા માટે જવાનો તેમનો કાર્યક્રમ નક્કી હતો છતાં સંપૂર્ણ સગવડની તૈયારી દર્શાવી સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને મૂળી મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા માટે તેડી લાવવા બ્રહ્મમુનિ સફળ નિવડ્યા.

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા મૂળી મંદિરમાં પ્રવેશતાં જ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ભવ્ય સ્વાગત કર્યું. મૂળી મંદિરને જોતા જ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના મુખકમળમાંથી સહસા શબ્દો સરી પડ્યા કે 'બ્રહ્મમુનિ ! તમોએ તો ગગનચુંબી મંદિર બંધાવ્યું છે.' આ શબ્દો સાંભળતા જ શ્રી બ્રહ્માનંદ સ્વામી ચમક્યા. કારણ કે આ મંદિર બાંધવા માટે જ્યારે શ્રીજીમહારાજે આજ્ઞા કરી અને બ્રહ્માનંદ સ્વામીએ મંદિર માટે વિશાળ જમીન રોકી તે જોઈ શ્રીજીમહારાજે આ જ શબ્દો ઉચ્ચાર્યા હતા. એ જ શબ્દો, એ જ અવાજમાં સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના મુખે સાંભળ્યા. બ્રહ્મમુનિએ શ્રીજીમહારાજની અને સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાની એકતા અનુભવી અને ચરણોમાં મસ્તક નમાવી દીધું. ત્યારબાદ બંને સદ્‌ગુરુઓ એકબીજાના હસ્ત પકડી મંદિરના પરિસરમાં આવ્યા. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનાં દર્શન થતાં ઉપસ્થિત ભક્તોએ જયનાદો પોકાર્યા. વિશાળ ભક્ત સમુદાય જોઈને સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ પૂછ્યું કે બ્રહ્મમુનિ, આટલા બધા મનુષ્યો એકત્ર થયા છે. તેમને જમાડવાની પૂરતી વ્યવસ્થા તો કરી છેને ? ત્યારે શ્રી બ્રહ્માનંદ સ્વામીએ પકવાન બતાવ્યાં. તે જોઈ સદ્. શ્રીગોપાળાનંદ સ્વામીબાપા બોલ્યા કે, 'આ પકવાન ઘણાં જ છે. ગમે તેટલાં માણસો જમશે તો પણ ખૂટશે નહિ.' બીજા દિવસે મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા ધોલેરા પધાર્યા.

આમ શ્રી બ્રહ્માનંદ સ્વામીની પ્રાર્થના સ્વીકારી સદ્. શ્રી

ગોપાળાનંદ સ્વામીબાપાએ મૂળી મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી જયજયકાર પ્રવર્તાવી શ્રીજીના સ્થાનની સાર્થકતા દર્શાવી.

## (૧૪) દોલતસંગનું હૃદયપરિવર્તન

મેશ્વો નદીના કાંઠે આવેલ લવાડ ગામમાં દોલતસંગ નામનો એક પાશવી ઠાકોર રહેતો હતો. તે, તે ગામનો ગામધણી હતો. એક સમયને વિશે સત્સંગ પ્રચારાર્થે વિચરણ કરતા સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા લવાડ ગામની નજીક મેશ્વો નદીએ પધાર્યા અને સંતો સાથે સ્નાન કરવા તે નદીમાં પ્રવેશ કર્યો. ત્યાં જ એકાએક અપશબ્દોના તીક્ષ્ણ દંશ સાથે પથ્થરોનો વરસાદ વરસવા લાગ્યો. સંતો સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરતા નદીમાંથી બહાર નીકળી ગયા. ભગવાનની આજ્ઞા અનુસાર સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાએ તેમના કલ્યાણનો સંકલ્પ કર્યો.

સમય જતા દોલતસંગના એકના એક પુત્ર તખુભાના લગ્નનો પ્રસંગ આવ્યો. ગામ આખુંય રંગે ચઢ્યું. શરણાઈની મીઠી સૂરાવલીઓ રેલાવા લાગી. રાત્રે ગામમાં તખુભાનું ફુલેકું ફર્યું અને મોડી રાત્રે થાકીને બધા સૂઈ ગયા. અડધી રાત્રે તખુભા લઘુશંકાર્થે ઘર પછવાડેના વાડામાં ગયો અને તેનો પગ સુંવાળી વસ્તુ પર પડતાં જ તેના પગે તીક્ષ્ણ ડંખ લાગ્યો. સર્પ તેના પગને ડંખી આંબલીના પોલાણમાં પેસી ગયો. ભયંકર ચીસ પાડતો તખુભા ત્યાં જ ઢળી પડ્યો. નીંદરની ગોદમાં સૂતેલા મેવાસના ઠાકોરો જાગી ગયા. ધ્રાસકા સાથે ઘરપાછળના વરંડામાં આવ્યા. તખુભાનો લીલોછમ દેહ જોઈ શરણાઈને બદલે મરશિયા ગવાવા માંડ્યા. દોલતસંગે ભૂવા ભરાડી, જંતરમંતરવાળા, તાંત્રિકો સર્વને બોલાવ્યા પણ સર્વના પ્રયત્નો વ્યર્થ નીવડ્યા. દોલતસંગ આક્રંદ કરવા લાગ્યો.



એ જ સમયે સત્સંગ સંવર્ધન માટે વિચરણ કરતા સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા પુનઃ એ જ મેશ્વો નદીના નીરને પાવન કરતા, સ્વામિનારાયણ નામના સ્મરણપૂર્વક સંતો સાથે સ્નાન કરી રહ્યા હતા. સ્વામિનારાયણ નામના ધ્વનિથી દોલતસંગના કાન સરવા થયા. તે દોટ મૂકી સ્વામી પાસે આવી ચરણોમાં ઢળી પડ્યો. અશ્રુઓથી ચરણપ્રક્ષાલન કરવા લાગ્યો. રડતાં રડતાં તેણે પોતાની આપવીતી સંભળાવી અને રક્ષા કરવા પ્રાર્થના-વિનંતી કરવા લાગ્યો. પરમ કૃપાળુ સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાએ તેની પ્રાર્થના સ્વીકારી અને સંતવૃંદ સાથે તેના આંગણાને પાવન કર્યું. સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીબાપા તખુભાના નિશ્ચેતન દેહની સામે ધ્યાનસ્થ થયા. સંતો સ્વામિનારાયણ નામની ધૂન કરવા લાગ્યા. ધૂનના મંગલ ધ્વનિ સાથે જ આશ્ચર્ય સરજાયું. આંબલીના પોલાણમાં છૂપાયેલ સર્પ બહાર નીકળ્યો. અને તે સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાનાં દર્શન કરી તખુભાના દેહમાં પ્રસરેલ વિષને ચૂસીને ચાલ્યો ગયો. તખુભા આંખો ચોળી બેઠો થયો. જનસમૂહે જયઘોષ કર્યો. દોલતસંગ અને તખુભાએ સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાના ચરણકમળને પ્રેમાશ્રુથી પખાળ્યા. સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાએ તેમને વ્યસનો છોડાવી વર્તમાન ધરાવી સત્સંગી કર્યા અને તેની રસોઈની સેવા સ્વીકારી.

## (૧૫) મીઠા ભક્તને નિશ્ચય

એક વખત સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા વિચરણ કરતા કરતા એક ગામમાં પધાર્યા અને ત્યાં રાત્રી મુકામ કર્યો. તે ગામમાં એક ૧૦૦ વર્ષથી મોટી ઉંમરના મીઠા ભક્ત રહેતા હતા. આ મીઠા ભક્તે મનુષ્ય સ્વરૂપે વિચરતા શ્રી સ્વામિનારાયણ ભગવાનાં દર્શન કર્યાં હતાં. તેમને એવો નિયમ હતો કે ગામમાં સંત આવે તેને રસોઈ

આપવી. મીઠા ભક્તને સમાચાર મળ્યા કે મંદિરમાં સંતો આવ્યા છે. એટલે તે દર્શને આવ્યા અને સદ્‌ગુરુબાપાને રસોઈ માટે પ્રાર્થના-સ્તુતિ કરી. સદ્‌ગુરુબાપાએ પોતાને વહેલી સવારે જ જવાનું છે તે વાત જણાવી. ત્યારે મીઠા ભક્તે પોતાનો નિયમ જણાવ્યો. ભક્તવત્સલ સદ્‌ગુરુબાપાએ મીઠા ભક્તની પ્રેમભરી પ્રાર્થનાને સ્વીકારી. મીઠા ભક્ત ખૂબ જ રાજી થયા.

ભક્તો સાથે જ્ઞાન ગોષ્ઠિ કરતા સદ્‌ગુરુબાપા વિરાજમાન હતા. ત્યારે કોઈક હરિભક્તે સદ્‌ગુરુબાપાને કહ્યું કે મીઠા ભક્ત તો શ્રીજીમહારાજને મળેલા છે. ત્યારે સદ્‌ગુરુબાપાએ કહ્યું કે, મીઠા ભગત, તમે શ્રીજીમહારાજને ઓળખો છો ખરા ? ત્યારે મીઠા ભક્તે કહ્યું કે, મહારાજને કેમ ન ઓળખું ? મહારાજે તો મને રમાડેલો. શ્રીજીમહારાજને તમે કેવા સમજો છો ? ના પ્રત્યુત્તરમાં મીઠા ભક્તે કહ્યું કે, જે શ્રી કૃષ્ણ તે જ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે છે. સદ્‌ગુરુબાપાએ કહ્યું કે, મીઠા ભક્ત, તમે મહારાજને ન ઓળખ્યા. ક્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ને ક્યાં શ્રી કૃષ્ણ. શ્રીકૃષ્ણથી પર તો વાસુદેવ બ્રહ્મ, તેથી પર મૂળઅક્ષર તેથી પર શ્રી સ્વામિનારાયણ ભગવાનની સન્મુખ તેજરૂપ ધામમાં રહેલ પરમ એકાંતિક મુક્ત, તેથી પર મૂર્તિમાં રહેલ અનાદિ મુક્ત અને તે સર્વેના સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. એમ સત્ય વાત સમજાવી મીઠા ભક્તને શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા સમજાવ્યો. એમને સદ્‌ગુરુબાપાની કૃપાથી સર્વોપરી ઉપાસનાની વાત સીધેસીધી જીવમાં ઊતરી ગઈ. પછી મીઠા ભક્તે કહ્યું કે, સ્વામી, મારા નિયમનું ફળ મને આજે મળ્યું. ખરેખર મારે માટે જ તમને શ્રીજીમહારાજે મોકલ્યા છે. આજ સુધી આવ્યા તેમણે બધાએ મારાં વખાણ કર્યાં પરંતુ તમોએ સત્ય વાત કરી અને મારી ખામી



ભાંગી. આમ સદ્‌ગુરુબાપાએ મીઠા ભગતની રસોઈ અંગીકાર કરી તેમને સર્વોપરી નિશ્ચય કરાવી મૂર્તિના સુખે સુખિયા કર્યા.

## *(૧૬) મણિનગર ધામનો આવિર્ભાવ*

જીવનપ્રાણ બાપાશ્રીએ પ્રવર્તાવેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી મહિમા, આજ્ઞા અને ઉપાસના વગેરે સિદ્ધાંતોને યાવચ્ચંદ્રદિવાકરૌ રાખવા માટે કેન્દ્ર સ્થાનની જરૂરિયાત છે. એ વિચારને પુષ્ટિ આપી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત ઉત્તેજક ટ્રસ્ટનું નિર્માણ કર્યું અને મણિનગરમાં જમીન રાખી. ત્યાં ખાતમુહૂર્ત પ્રસંગે એક આંબા નીચે સભા કરી સદ્‌ગુરુબાપા બોલ્યા કે, 'આ જગ્યા પ્રસાદીની છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે ખોખરા મહેમદાવાદથી પશ્ચિમ તરફના દશકોશીના ગામોમાં પધારતા ત્યારે આ આંબા નીચે બિરાજી વિસામો કરતા અને કહેતા જે, 'આ જગ્યાએથી સંપ્રદાયની ખીલવણી નવીન રીતે થશે અને આત્યંતિક મોક્ષનું સદાવ્રત ખૂલશે.' એ જ જગ્યાએ આજે આપણે મંદિરનું ખાતમુહૂર્ત કર્યું છે. અહીં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન બિરાજી પોતાના વચનો સત્ય કરશે. બાપાશ્રીના સિદ્ધાંતોનો અહીંથી જ પ્રચાર અને પ્રસાર થશે.

સ્વામીબાપાની દોરવણી હેઠળ થોડા જ સમયમાં બંગલાઘાટનું મંદિર તૈયાર થયું. તેની ઉત્તર દિશાએ ત્રણ રૂમ પણ તૈયાર થયા. સંવત ૧૯૯૯ના શ્રાવણ વદિ ૫ ના શુભ દિને જીવનપ્રાણ સ્વામીબાપા મણિનગર પધાર્યા. એક રૂમમાં ઉતારો કર્યો. ભક્તોના ઘરેથી શ્રી સહજાનંદ સ્વામીના તથા બાપાશ્રીના મૂર્તિઓ મંગાવી મંદિરના રૂમમાં પધરાવ્યા. થાળ બનાવવા વાસણ નહોતું તેથી કેરોસીનનો ડબ્બો કાપી તૈયાર કર્યો. સગડી સળગાવવા માટે કોલસાનો કોથળો ઉપાડ્યો ત્યાં

તો તેમાંથી વીંછી નીકળ્યા. તે કોલસા લેનારના હાથ ઉપર ચઢી ગયા પરંતુ એ વીંછી કરડ્યા નહિ અને હાથ ખંખેરતા વીંછી નીચે પડ્યા. પછી વીંછીની લાઈન ચાલી. સ્વામીબાપા કહે, આ વીંછી નથી, આ તો ધન ઊભરાય છે. ખીચડી તૈયાર કરી મહાપ્રભુજીને પતરાળામાં થાળ ધરાવ્યાં.

સંવત ૨૦૦૦ના ફાગણ સુદ ૩ના રોજ મણિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વેદોક્ત વિધિ અનુસાર યજ્ઞયાગાદિક સહિત જીવનપ્રાણ સ્વામીબાપાના વરદ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજ અને જીવનપ્રાણ બાપાશ્રી વગેરે મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. શ્રી ઘનશ્યામ મહારાજે ભાખેલી ભવિષ્યવાણી જે, 'ગોપાળમુનિની ચોથી પેઢીએ નવીન થશે.' તેની શરૂઆત થઈ ચૂકી. કારણ સત્સંગના સિદ્ધાંત સજીવન કરવાનું કેન્દ્રસ્થાન થયું.

### *(૧૭) શ્રી સ્વામિનારાયણ ગાદીનું સંસ્થાપન*

શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આદેશ મળતા સ્વામીબાપા નિજરૂમમાં ધ્યાનસ્થ થયા. ૬૧ દિવસની સુદીર્ઘ ધ્યાન-તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વામીબાપાને ગાલે ટપલી મારી ધ્યાનમાંથી જાગ્રત કર્યા અને પ્રેમથી ભેટી પોતાની શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્તસ્વરૂપ આપવાની આજ્ઞા કરી. સ્વામીબાપાએ તે આજ્ઞાને શિરોવંદ્ય કરી.

સંવત ૨૦૨૮ના ભાદરવા વદ અમાવાસ્યાના દિને, સુવર્ણતુલા સ્મૃતિ મહોત્સવના અંતિમ દિને સ્વામીબાપાએ અમૃતવાણી ઉચ્ચારી કે આપણા કારણ સત્સંગમાં ભક્તિ છે, સર્વોપરી ઉપાસના છે, અનાદિ મુક્તની સ્થિતિ છે, ભગવાનનું પ્રગટપણું અને પ્રત્યક્ષપણું છે અને આ બધાય સિદ્ધાંતોના પ્રચારનું કેન્દ્ર સ્થાન મણિનગર ધામ છે. આજના



મંગલ દિને શ્રી સ્વામિનારાયણ ભગવાન-ઘનશ્યામ મહારાજ પોતે જ કારણ સત્સંગની ગાદીને મૂર્ત સ્વરૂપ આપે છે. એટલે કે એમના આદેશથી અમે આજના મંગલદિને અને મંગલ ઘડીએ શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્ત સ્વરૂપ આપી સ્થાપન કરીએ છીએ. શ્રી સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાં જે દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન છે તે જ આ ગાદી છે. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને જીવનપ્રાણ બાપાશ્રીને ગાદી ઉપર વિરાજમાન કરી સ્વામીબાપાએ આરતી ઉતારી. સર્વ સભાએ બુલંદ સ્વરે જયનાદો પોકાર્યા.

મોટેરા સંતો તેમજ હરિભક્તો સ્વામીબાપા પાસે આવ્યા અને પ્રાર્થના કરી કે આપશ્રી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાચા વારસદાર છો. આપ આ શ્રી સ્વામિનારાયણ ગાદી ઉપર વિરાજમાન થઈ દર્શનદાન આપો. સંતો હરિભક્તોની પ્રેમભરી પ્રાર્થના સ્વીકારી સ્વામીબાપા શ્રી સ્વામિનારાયણ ગાદી ઉપર બિરાજમાન થયા. સંતો હરિભક્તોએ જયજયકારના ધ્વનિથી સમગ્ર ગગન મંડળને ગજવી મૂક્યું. વિદ્વાનોએ વેદમંત્રોથી સ્વામીબાપાનો અભિષેક વિધિ કર્યો. તિલકાયત વિધિ થયો અને છત્ર, ચામર, છડી, અબદાગીરી વગેરે રાજચિહ્નોને શોભાવતા થકા સ્વામીબાપા શ્રી સ્વામિનારાયણ ગાદી ઉપર દર્શનદાન દેવા લાગ્યા.

શ્રી સ્વામિનારાયણ ગાદી ઉપર વિરાજમાન થઈ સ્વામીબાપાએ દિવ્ય આશીર્વાદ આપ્યા કે, 'આજથી તમે સૌ આ શ્રી સ્વામિનારાયણ ગાદીના આશ્રિત છો. આ ગાદીના આશ્રિત સંતો, સત્સંગીઓ સર્વેની દિનપ્રતિદિન ચઢતી કળા રહેશે અને તેઓનું પરમ કલ્યાણ થશે અને મૂર્તિના સુખે સુખિયા થશે. જે મુમુક્ષુ આ શ્રી સ્વામિનારાયણ ગાદીના આશ્રિત થશે અને સિદ્ધાંતવાદી જીવન જીવશે અને દેહપર્યંત આશ્રિત રહેશે તે આ ને આ જન્મે અક્ષરધામને પામશે.'

શ્રી સ્વામિનારાયણ ગાદી એ આત્યંતિક મોક્ષનો ધોરી માર્ગ છે. અક્ષરધામનું દ્વાર છે. તે સ્વામીબાપાએ જીવોના કલ્યાણને માટે યાવચ્ચન્દ્રદિવાકરૌ ખૂલ્લું મૂક્યું છે.

### *(૧૮) ઉત્તરભારતની મોક્ષદાયી યાત્રા*

શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ સ્વામીબાપાએ સંવત ૨૦૨૯ના ફાગણ સુદ ત્રીજ, મણિનગર મંદિરમાં દર્શનદાન આપતા શ્રી ઘનશ્યામ મહારાજના વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ બાદ ઉત્તર ભારતની મોક્ષદાયી યાત્રાનું આયોજન કર્યું હતું. સ્વામીબાપાના પ્રમુખ પદે નીકળેલી આ યાત્રામાં સંતો-હરિભક્તોની સાથે મળી બાવીસ બસો હતી. મણિનગરથી નીકળેલો આ સંઘ પ્રથમ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાની પ્રાગટ્ય ભૂમિ ટોડલા ગામ થઈને શામળાજી, ઉદેપુર, નાથદ્વારા, કાંકરોલી, અજમેર, પુષ્કરરાય, જયપુર, આગ્રા વગેરે તીર્થોને સજીવન કરતો, તેમજ નવા તીર્થો રચતો, સ્વામીબાપાના સાન્નિધ્યમાં આનંદ ઉલ્લાસમાં રાચતો મથુરા નગરીમાં આવી પહોંચ્યો.

મથુરામાં જીવનપ્રાણ સ્વામીબાપાનું તથા સંઘનું ભવ્ય સ્વાગત થયું અને ત્યાં સ્વામીબાપાની ધામધૂમથી નગરયાત્રા નીકળી. તેમજ યમુના નદીના પટાંગણમાં જાહેર સભાનું આયોજન થયું. ત્યાંથી વૃંદાવન, ગોકુળ, ગોવર્ધન થઈ આ યાત્રા દિલ્હી જવા નીકળી ત્યારે રસ્તામાં ધૂંધળા વાતાવરણમાં ત્રણ નંબરની બસ ઊંધી પડી. પરંતુ સ્વામીબાપાએ સર્વની રક્ષા કરી. કોઈને કાંઈ ઈજા થઈ નહિ. આવી રીતે આ સંઘ મોદીનગર, હરિદ્વાર, ઋષિકેશ, લખનૌ, અયોધ્યા થઈ છપૈયે આવ્યો. ત્યાંથી કાશીએ આ યાત્રા આવી ત્યારે એક અભૂતપૂર્વ પ્રસંગ યોજાયો.

કાશીના વિદ્વાનો,નગરપતિ તથા નગરજનોએ સ્વામીબાપાના સંઘનું ભવ્ય સ્વાગત કર્યું. વિદ્વાનોએ સ્વામીબાપાને 'વેદશાસ્ત્રસંરક્ષક' અને 'વિશ્વધર્મચૂડામણિ' એવી બે પદવીઓ પ્રદાન કરી. વેદના પ્રકાંડ પંડિતોએ સામવેદની ઋચાઓનું ઉદાત્તાદિ સ્વરે સહિત ઉચ્ચારણ કરી વસંતપૂજા કરી. સ્વામીબાપાએ સામવેદ પર સંસ્કૃતમાં પ્રવચન કર્યું. ધર્મપ્રાણ સ્વામીબાપાની ગજરાજ પર ભવ્ય નગરયાત્રા નીકળી. સમગ્ર નગરજનોએ સ્વામીબાપાને ફૂલે વધાવ્યા. પછી ત્યાંથી સંઘ અલ્હાબાદ, પ્રયાગ (ત્રિવેણી સંગમ), ચિત્રકૂટ, ઉજ્જૈન, ડાકોર, બાવળા થઈ મણિનગર આવી પહોંચ્યો.



આમ આ યાત્રા સંઘમાં અનેક જગ્યાએ સ્વામીબાપાનું ભવ્ય સન્માન થયું અને અસંખ્ય જીવો સ્વામીબાપાના દર્શનથી મોક્ષભાગી થયા.

# સંસ્કાર દીપિકા ભાગ - ૪

## નમૂનાનું પ્રશ્નપત્ર

(સમયઃ ૩ કલાક) (કુલ ગુણઃ ૧૦૦)

**સૂચનાઃ-** પાસ થવા માટે ૫૦ % ગુણ મેળવવા આવશ્યક છે.

*પ્ર-૧ (અ) નીચેની ખાલી જગ્યા પૂરો. (૧૦)*

(૧) શ્રી સ્વામિનારાયણ ગાદીનો મહિમા અપરંપાર છે, અનંત છે, ............ છે.
(૨) શ્રી ઘનશ્યામ પ્રભુ અયોધ્યામાં ............ નદીમાં સ્નાન કરવા જતા.
(૩) નીલકંઠ વર્ણીએ ગોપાળયોગી પાસે ............ શીખવાની લીલા દેખાડી.
(૪) શ્રી રામાનંદ સ્વામી ............ માં શ્રી રામાનુજાચાર્ય થકી મહાદીક્ષા પામ્યા હતા.
(૫) ભગવાનની સાકર ઉપાસના સિવાય ............ કે બ્રહ્મ દેખાય જ નહિ.
(૬) પ્રભુ સાથે પ્રગટ્યા, ખરા ભક્ત નામ ............
(૭) શ્રીજી પ્રભુ ને ............ માં, કાંઈ જુદાઈ નથી.
(૮) મોક્ષ તો કારણ સત્સંગમાં જ છે. બીજે તો બધે રોગી ............ ઊડે છે.
(૯) 'બેસજો, બેસજો, તમે તો મને ખૂબ ............ છો.'
(૧૦) કાશીના ......... એ સ્વામીબાપાનું બહુમાન કર્યું.



*(બ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.(ગમે તે દસ) (૧૦)*

(૧) શ્રી સ્વામિનારાયણ ગાદીએ શું અનુભવ થાય છે ?
(૨) શ્રીહરિ 'નીલકંઠ' નામથી પ્રસિદ્ધ થયા, શા માટે ?
(૩) શ્રી ઘનશ્યામ પ્રભુએ ધર્મદેવની બીજી બાર પત્નીઓની અભિલાષા કેવી રીતે પૂર્ણ કરી ?
(૪) નારાયણ સરોવર તરીને પાર કરી જવાની શરત કોના વચ્ચે થઈ ?
(૫) તપસ્વીઓને તપની રીત શીખવવા નીલકંઠ વર્ણીએ શું કર્યું ?
(૬) શ્રી રામાનંદ સ્વામીએ ધર્મદેવને કયા ક્ષેત્રમાં દીક્ષા આપી હતી ?
(૭) શ્રી સ્વરૂપાનંદ સ્વામીએ ધર્મરાજાને કયું સ્થાન આપ્યું ?
(૮) 'જય સદ્‌ગુરુ સ્વામી' આરતીના રચયિતા કોણ છે ?
(૯) 'આ રે સંદેશો મારા ગુરુજી રે સુણજો' એ કાવ્ય કયા પ્રસંગે રચાયું ?
(૧૦) 'પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું' એ પ્રાર્થનાના રચયિતા કોણ છે ?
(૧૧) 'ઊર્ધ્વ તથાડધો' આ સ્તોત્રના રચયિતા કોણ છે ?
(૧૨) મુમુક્ષુને આશ્રય કરવા યોગ્ય કઈ ગાદી છે ?

*પ્ર-૨ નીચેના પ્રસંગો વર્ણવો.(ગમે તે ચાર) (૨૦)*

(૧) દિવ્ય સંકેત.
(૨) શ્રી નીલકંઠ વર્ણીનું વનવિચરણ
(૩) શ્રી વ્યાપકાનંદ સ્વામીને નિશ્ચય
(૪) ખુશાલ ભટ્ટે વાઘને કરાવેલ સમાધિ
(૫) મીઠા ભક્તને નિશ્ચય
(૬) ઉત્તરભારતની મોક્ષદાયી યાત્રા

**પ્ર-૩ (અ) નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે જણાવો; ખોટાં હોય તો સુધારીને ફરી લખો. (૧૦)**

(૧) માર્કંડેય મુનિએ હરિપ્રસાદનો નામકરણ વિધિ કર્યો.
(૨) નીલકંઠ વર્ણીના કહેવાથી સદ્‌ગુરુ શ્રી મક્તાનંદ સ્વામીએ દિવાલનો ગોખલો (બાકોરું) પૂરાવી દીધો.
(૩) મહાપુરુષોનો દેહત્યાગ જોઈને આસુરી જીવો મોહ પામે છે.
(૪) દોલતસંગ વડતાલ ગામનો ઠાકોર હતો.
(૫) શ્રી અબજીબાપાશ્રી કચ્છમાં ભુજ મુકામે પ્રગટ થયા.
(૬) શ્રી સ્વામિનારાયણ ભગવાન અમલદાર જેવા છે તે ખસતા ખસતા બધું લઈ લેશે.
(૭) જોઈ લે, તેઓ પણ તાકાત, યુવાન કેસરી સિંહની.
(૮) જીવનપ્રાણ સ્વામીબાપાનો સુવર્ણ જયંતી મહોત્સવ કડી મુકામે ઊજવાયો.
(૯) સ્વામીબાપાને ધ્યાન બહુ જ પ્રિય હતું.
(૧૦) મથુરા ગંગા નદીના કિનારે આવેલું સુપ્રસિદ્ધ તીર્થસ્થાન છે.

**(બ) નીચેના વાક્યો કોણ બોલે છે, કોને ઉદ્દેશીને બોલે છે, કયાં સ્થાનમાં બોલે છે અને કયા પ્રસંગે બોલે છે તે જણાવો. (ગમે તે પાંચ) (૧૦)**

(૧) 'આ અંગૂઠી લે અને મને ધરાઈને મીઠાઈ ખાવા દે.'
(૨) 'હિન્દુમેં યે ઊલ્ટી રીત કૈસી, ઓલિયા ઊંચે આસન પે ઔર ખુદા જમીન પે !'
(૩) 'આજથી હિંસા ન કરીશ. જ્યારે ભૂખ લાગે ત્યારે ગામમાં આવજે. બધાયને તારું પેટ બતાવજે તેથી તને ખાવા આપશે.'
(૪) 'જેઠા ! ગાંડીઓ કેમ થઈ ગયો ?'
(૫) 'આફ્રિકા જવાનું તો કેટલાય વખત થશે, પણ અહીં ક્યારે આવો છો?'
(૬) 'કોઈ નહિ હોય તો આ થાંભલા કથા સાંભળશે.'



**પ્ર-૪ (અ) નીચેનાં કીર્તન સંપૂર્ણ લખો.(ગમે તે બે) (૧૦)**

(૧) છો પ્રભુ શ્રી ઘનશ્યામ જયકારી
(૨) અનાદિ મુક્તની સેવા
(૩) મૂર્તિમાં ખેંચી રહ્યો, ભક્તિનો જાયો

**(બ) નીચેની પંક્તિઓ પૂર્ણ કરો.(ગમે તે પાંચ) (૧૦)**

(૧) આત્યંતિક મોક્ષના દાતા.............દાસાનુદાસ કરભામી.
(૨) રસ ભરિયા રે તમે................ પ્રેમે અધર રસ પાવો રે.
(૩) નાભી નીરખતાં .......................... પાડો ટેવલડી.
(૪) આમ સંકેત કરી દર્શન દીધાં, ............ સમજાવે સુખદાય.
(૫) અમલ ભર્યા સહુ ઉચરો ...................... શશિસમ રે.
(૬) ગગનસ્પર્શી શિખરવાળો................ પ્રેમીજનો મસ્ત ફરે.

**પ્ર-૫ (અ) નીચેના પદ સંપૂર્ણ લખો. (ગમે તે બે) (૧૦)**

(૧) પ્રથમ શ્રીહરિને રે, .............
(૨) સાંભળ સજની રે, .............
(૩) નિજ સેવકને રે, ...............

**(બ) નીચે 'અ' વિભાગમાં દર્શાવેલ પ્રસંગને 'આ' વિભાગમાં આપેલ સમય સાથે જોડો. (૫)**

| 'અ' | | 'આ' |
|---|---|---|
| (૧) શ્રી નીલકંઠ વર્ણીનું લોજમાં આગમન | - | સં. ૧૮૬૪ |
| (૨) સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીની મહાદીક્ષા | - | સં. ૧૯૮૪ |
| (૩) બાપાશ્રીની અંતર્ધાનલીલા | - | સં. ૧૮૫૬ |
| (૪) સ્વામીબાપાની ૧૨ દિવસની ધ્યાનતપશ્ચર્યા | - | સં. ૨૦૨૯ |
| (૫) ઉત્તર ભારતની મોક્ષદાયી યાત્રા | - | સં. ૨૦૦૦ |

*(ક) નીચે ‘અ’ વિભાગમાં દર્શાવેલ કર્તાને ‘આ’ વિભાગમાં આપેલ તેનાં કાર્ય સાથે જોડો.* *(૫)*

| ‘અ’ | ‘આ’ |
|---|---|
| (૧) માર્કંડેય મુનિ | - ગાય અને બ્રહ્મપુત્રને જીવતાં કર્યાં. |
| (૨) શ્રી નીલકંઠ વર્ણી | - મણિનગરમાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. |
| (૩) શ્રી ખુશાલ ભટ્ટ | - શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્ત સ્વરૂપ આપ્યું. |
| (૪) શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી | - શ્રી ઘનશ્યામપ્રભુનું નામાભિધાન કર્યું. |
| (૫) જીવનપ્રાણ સ્વામીબાપા | - બાઈઓ તથા ભાઈઓની સભા અલગ કરાવી. |

**જય શ્રી સ્વામિનારાયણ**